સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વા. મંદિર - સરધારનું મુખપત્ર

# શ્રી સ્વામિનારાયણ ચિંતન

ઓક્ટોમ્બર
૨૦૦૬



અક્ષરધામ(ગઢપુર)થી આમંત્રણ... ગઢપુરને આંગણે તા. ૨૪ થી 30 ઓક્ટોમ્બર સુધી 'ગઢપુર મહોત્સવ'



## સખી હૈડે તે હરખ ન માય, આજ દિવાળી રે...

શ્રીજીમહારાજે આ દિપાવલિ-પર્વના દિવસે કેટલીકવાર લોજ, જેતપુર, ભાડેર, સરધાર, ગઢડા, કારીયાણી, અમદાવાદ, વડતાલ, આદરેજ, બુધેજ તથા કરમડમાં ઉત્સવ-સમૈયા કરીને ભક્તજનોએ પ્રેમથી રચેલી દીપમાળાને શોભાવી હતી.



# બોલત બચન સુનત સુખ ઉપજત...

આપણી ભારતીય સંસ્કૃતિની અમુલ્ય પરંપરામાં ઉજવાતો દિવાળીનો ઉત્સવ સારાય માનવ સમાજમાં સત્ય, જ્ઞાન, ધર્મ-ભક્તિ અને ભાઈચારાનો પ્રકાશ ફેલાવે છે. ઈતિહાસ સાથે આનો સંબંધ જોઈએ તો ભગવાન શ્રી રામચંદ્રજી રાવણ રૂપી અસત્ય અને અધર્મનો પરાજય કરી અયોધ્યા પધારતા સત્ય અને શાંતિના ઉત્સુક પ્રજાજનોએ તેમનું ઉમળકાભેર કરેલા સ્વાગતનો છે. તેથી જ અમાસની અંધારી રાતને પૂર્ણિમા જેવું મહત્ત્વ આપી દિપોત્સવ દ્વારા પ્રકાશમાન કરવામાં આવે છે.

- પ.પૂ. ૧૦૮ ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજ




શ્રી સ્વામિનારાયણ

# ચિંતન

વર્ષ :- ૨, અંક :- ૪, તા. ૨૦-૧૦-૦૬

:: સંસ્થાપક ::
પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ
:: અધ્યક્ષ ::
પ.પૂ. ૧૦૮ ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજ
:: પ્રયોજક ::
પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

:: પ્રકાશક ::
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર વતી
કો. સ્વામી શ્રી વિરક્તસ્વરૂપદાસજી
:: તંત્રી ::
સાધુ દિવ્યસ્વરૂપદાસજી
:: સંપાદક ::
સ્વામી આનંદસ્વરૂપદાસજી (વેદાંતાચાર્ય)

સંપ્રદાપનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધારનું રજિસ્ટર્ડ મુખપત્ર ઈ.સ. ૨૦૦૫ના ઓક્ટોમ્બર માસથી પ્રારંભાયેલું, દર માસની ૨૦ તારીખે પ્રકાશિત થતું, આપના સમગ્ર કુટુંબ -પરિવારમાં આનંદ અને સંસ્કારની સૌરભ પ્રસરાવે અને જીવનનું અનેરું ઘડતર કરતું સામયિક.

:: લવાજમના દર ::

| | |
|---|---|
| વાર્ષિક લવાજમ | : રૂા. ૮૦/- |
| પંચવાર્ષિક | : રૂા. ૩૫૦/- |
| પચીસ વર્ષ લવાજમ | : રૂા. ૭૫૦/- |
| પરદેશમાં લવાજમ | : $ 130 U.S.A. |
| | : £ 100 U.K. |

:: લવાજમઅંગે ગ્રાહક પત્રવ્યવહાર ::
'ચિંતન કાર્યાલય'
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫ ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧
Visit us : www.chintansardhar.com
www.sardhar.org
E-mail : amrutdhara2003@yahoo.com


## :: અનુક્રમણિકા ::


| | | | |
|---|---|---|---|
| ૧ | પૂ. સ.ગુ. સ્વામીશ્રીનો નૂતન વર્ષના પ્રારંભમાં પ્રેરણાદાયક પત્ર... | - સંકલિત | ૨ |
| ૨ | દીપોત્સવી પર્વ - નૂતન વર્ષાભિનંદન... | - સાધુ અમૃતસ્વરૂપદાસજી તથા પાર્ષદ રાજુ ભગત | ૪ |
| ૩ | અવતાર-અવતારીમાં ઐશ્વર્યભેદ, તારતમ્યદર્શન... | - સાધુ યોગેશ્વરદાસજી | ૧૨ |
| ૪ | આત્યંતિક કલ્યાણ... | - પૂ. સદ્. સ્વામી શ્રી નંદકિશોરદાસજી - ભૂજ | ૧૬ |
| ૫ | ગઢપુરમાં ત્રિવિધ નિમિત્તનો ત્રિવેણી સંગમ-પ્રયાગ મહોત્સવ... | - શ્રી પ્રવિણચંદ્ર એસ. ઉપાધ્યાય | ૧૯ |
| ૬ | ગઢપુરધામન આંગણે ત્રિવેણી સંગમ મહોત્સવ... | - શ્રી પ્રવિણચંદ્ર એસ. ઉપાધ્યાય | ૨૦ |
| ૭ | આશીર્વાદનું મહત્ત્વ અને તેની આવશ્યક્તા... | - શ્રી સુખદેવ વ્યાસ - રાજકોટ | ૨૨ |
| ૮ | Six Temples of Shree Swaminarayan Sampraday... | BY :- R. S. Patel, NJ, USA | ૨૩ |
| ૯ | થાળ-ભેટ દેનારની શુભનામાવલી... | - સંકલિત | ૨૪ |
| ૧૧ | આગામી આવતા વ્રતો તથા ઉત્સવ-સમૈયાનો નિર્ણય... | - સંકલિત | ૨૬ |
| ૧૨ | સત્સંગ સમાચાર પત્રિકા... | - સંકલિત | ૨૭ |
| ૧૦ | અક્ષરધામથી આમંત્રણ ગઢપુર મહોત્સવ.... | - સંકલિત | ૩૦ |

નૂતન વર્ષાભિનંદન...



# પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીનો નૂતન વર્ષના પ્રારંભમાં પ્રેરણાદાયક પત્ર

भवसंभव भीतिभेदनं, सुख संपत करुणानिकेतनम् ।
व्रतदानतपःक्रियाफलं, सहजानंदगुरुं भजे सदा ॥
वर्णीवेष रमणीय दर्शनं, मंदहास रुचिराननाम्बुजम् ।
पूजितं सुरनरोत्तमैर्मुदा, धर्मनंदनमहं विचिन्तये ॥

સર્વાવતારી, સર્વોપરી, સર્વકારણના કારણ આપણા સર્વ કોઈના ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણના અનન્ય આશ્રિત તેમજ તેમના સ્થાને બિરાજતા પ.પૂ. ધ.ધુ. આચાર્યજી મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના કૃપાપાત્ર તેમજ તેમને વ્હાલા એવા સંતોને પ્યારા સર્વે હરિભક્તોને અમારા નવલા વર્ષમાં ઘણાજ હેતપૂર્વક જય શ્રી સ્વામિનારાયણ...!!!

શ્રી સ્વામિનારાયણ સાથ નૂતન વર્ષમાં સર્વે હરિભક્તોને અમારી એટલી જ ભલામણ અને શુભકામના છે કે આપણને પ્રાપ્ત થયેલ આ ચિંતામણી તુલ્ય મનુષ્યદેહ મળ્યો છે. અને તેમાં પણ સર્વાવતારી ભગવાન શ્રીહરિ ઓળખાણા છે, તો હવે મહારાજને રાજી કરવા રૂપી લક્ષ્ય ચૂકવું નહીં. બસ, અખંડ અંતરમાં એકજ આલોચના બની રહે કે ભગવાન શ્રી સ્વામિનારાયણ મારા ઉપર કેમ કરીને રાજી થાય અને પોતાની મૂર્તિના મહાઅલૌકિક સુખના ભોક્તા કરે. બીજા બધાજ પ્રકારના સુખ તો બહુ કાળથી આપણે ભોગવ્યા જ છે. પરંતુ ફક્ત મહારાજની મૂર્તિના સુખથી વંછીત રહી ગયા છીએ. જેથી કરી આ જન્મમરણરૂપી ફંદ છુટતો નથી.

નૂતન વર્ષના પ્રારંભમાં જ વિચાર કરીએ કે, આજ સુધીમાં મારી કેટલી દિવાળી ગઈ અને તેમાં મેં શું કર્યું ? દિવાળીને મેં દિવાળી મનાવી છે કે પછી હોળી બનાવીને વ્યતીત કરી છે. દિવાળી તો ત્યારે દિવાળી બને કે જ્યારે શ્રીજીમહારાજની મૂર્તિમાં પ્રેમશ્રોત્ર વહેવા માંડે.

વ્હાલા ભક્તજનો ! વિચારજ્યો...અનુભવજ્યો...! જીવનના ઘણાજ એવા પ્રસંગો વ્યતિત થયા હશે કે તમોએ પુત્ર-પરિવાર તેમજ જગતના ઘણા જીવાત્માને રાજી કરવા માટે જિંદગીમાં ઘણુંબધું હોમી દિધું હશે. પરંતુ તેમાંથી અંતે અપયશ અને અપકીર્તિ સિવાય કાંઈજ નહિ મળ્યું હોય. અને ત્યારે તમારો આત્મા પણ કબુલ કરતો હશે કે આટલી મહેનત મેં પરમાત્માને રીજવવા માટે કરી હોત તો હું ભગવાનની પાસે પહોંચી ચૂક્યો હોત. ખેર... તે બધીજ વાતને ભૂલી જઈ આ નવલા વર્ષમાં સંકલ્પ કરો : ‘‘હવે મારો એકેએક શ્વાસ ભગવાન શ્રીહરિને રાજી કરવા અને તેની મૂર્તિમાં ગુલતાન થવા માટે જ વ્યતિત કરીશ. હવે તો બસ દુનિયાના સારા કે નરસા બોલ સામે જોયા સિવાય મારે મારા મહારાજની મૂર્તિમાં મંડી પડવું છે. અનંત જન્મોથી આધિ-વ્યાધિ અને ઉપાધિમાં તપેલ આત્માને પરમાત્માની મૂર્તિમાં વળગાડવા જેવો બીજો કોઈ શાંતિનો ઈલાજ નથી.’’

વ્હાલા ભક્તો ! ભગવાન શ્રી સ્વામિનારાયણને રાજી કરવા તેઓની આજ્ઞા એજ મારું જીવન




"...હે મહારાજ ! તમારા રાજીપામાં હું રાજી રહેવા ઈચ્છું છું, તમારા ગમતામાં જ મારે મારું ગમતુ કરવું છે. માટે આપ રાજી થઈને આપને ગમતું હોય તેજ મારી પાસે કરાવજ્યો. બાકી એક આપ નારાજ થતા હોવ અને આખી દુનિયા રાજી થતી હોય તો એવા મારા તમામ સંકલ્પોને આપ ભાંગીને ભુક્કો કરી નાખજ્યો તેવી આપના ચરણોમાં નૂતન વર્ષમાં મારી કોટિ કોટિ વંદન સાથે કોટિવાર પ્રાર્થના છે...."

અને મહારાજની મનોહર મૂર્તિ એજ મારી વૃત્તિ એમ કરી રાખશો તો જીવનમાં કદી પસ્તાવું પડશે નહિ. બાકી જીવનમાં ભગવાન રાખીશું તો આ લોકના સુખ તો બધા મળી જ રહેવાના છે. માટે શ્રીજીમહારાજને વારંવાર પ્રાર્થના કરીએ : "હે મહારાજ ! તમારા રાજીપામાં હું રાજી રહેવા ઈચ્છું છું, તમારા ગમતામાં જ મારે મારું ગમતુ કરવું છે. માટે આપ રાજી થઈને આપને ગમતું હોય તેજ મારી પાસે કરાવજ્યો. બાકી એક આપ નારાજ થતા હોવ અને આખી દુનિયા રાજી થતી હોય તો એવા મારા તમામ સંકલ્પોને આપ ભાંગીને ભુક્કો કરી નાખજ્યો તેવી આપના ચરણોમાં નૂતન વર્ષમાં મારી કોટિ કોટિવાર પ્રાર્થના છે."

"હે કૃપાળુ ! હવે આપ મને તમારો બનાવીને જ રાખજ્યો. હે પ્રભુ ! મને માયા થકી મૂકાવી અંતઃકરણના તમામ દોષોથી મુક્ત કરી આપની મૂર્તિમાં રસબસ કરજ્યો. અને મારા દેહની તમામ ક્રિયાથી આપ તેમજ આપના સ્થાને બિરાજતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી, અને તેમને વ્હાલા એવા સંતો-ભક્તો રાજી થાય અને એ સર્વેના સુખને જોઈને મારું અંતર આનંદથી ભરાઈ જાય તેવી વિશાળ વૃત્તિ સાથે મને તમારો બનાવીને રાખજ્યો એટલી મારી પ્રાર્થના છે."

સાથે સાથે વ્હાલા ભક્તજનો ! ભગવાન શ્રીહરિએ જે ગામને પોતાનું ધામ અને ઘર માન્યું છે તેવા અક્ષરધામ તુલ્ય ગઢપુર ગામને આંગણે પૂર્ણ પુરુષોત્તમ એવા ભગવાન **શ્રી સ્વામિનારાયણ**ની પૂર્ણકૃપાથી ગઢપુરપતિ **શ્રી ગોપીનાથજી મહારાજ**ની સાંનિધ્યમાં વડતાલ પીઠાધિપતિ **પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી તેમજ **પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના સંપૂર્ણ માર્ગદર્શન પ્રમાણે **સં.૨૦૬૩ કારતક સુદ - ૨ (ભાઈબીજ) થી ૮ (આઠમ) તા. ૨૪-૧૦-૦૬ થી તા. ૩૦-૧૦-૦૬** સુધી ભવ્યાતિ ભવ્ય ત્રિવિધ નિમિત્ત યુક્ત **'ગઢપુર મહોત્સવ'** ઉજવવામાં આવનાર છે તો રખેને તેનો લાભ લીધા વિના રહી ન જવાય...!!!



અંતમાં અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિ ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણ સર્વેને ખૂબજ સુખીયા કરે તેવી તેમના ચરણોમાં પ્રાર્થના સહ નૂતન વર્ષના બધાજ ભક્તજનોને હૃદયપૂર્વક સ્નેહભાવથી જય શ્રી સ્વામિનારાયણ.



### પરમાત્મા-સંબંધી પ્રકાશથી અંતરાત્મામાં ઉજાસ પાથરતું પર્વ એટલે...

# દીપોત્સવી પર્વ નૂતન વર્ષાભિનંદન...



- સાધુ અમૃતસ્વરૂપદાસ તથા પા.રાજુ ભગત ગુરુ : પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

દિવાળી એ તો સર્વે ઉત્સવોનો રાજા...!

દિવાળીનો ઉત્સવ એટલે દિપોત્સવ - પ્રકાશને પાથરતો ઉત્સવ.

આનંદ-ઉલ્લાસનો ઉત્સવ.

ખરેખર તો ઉત્સવનો અર્થ જ 'उत्कृष्टः सवः इति उत्सवः ।' અર્થાત્ 'उत्कृष्ट यज्ञ' તેને જ ઉત્સવ કહેવાય. તેમાંય દિવાળી ઉત્સવનો યજ્ઞ તો ગત વર્ષની તમામ ક્ષતિઓ તથા થયેલી ભૂલોને ભૂલી નૂતન વર્ષના નવલા પ્રભાતેથી નૂતન જીવન જીવવાની શરૂઆત એટલે દિવાળી ઉત્સવ. આવો યજ્ઞ બીજા કોઈ ઉત્સવોમાં થતો નથી. તેથી જ આ ઉત્સવને ઉત્સવોનો રાજા કહેવાય છે.

વ્હાલા ભક્તજનો ! આજે આપણે દિપોત્સવ વિશે વિસ્તારથી જોઈએ તો - આ ઉત્સવ આસો વદ - તેરશ, ચૌદશ, અમાસ તથા કારતક સુદ - પ્રતિપદા(પડવો) અને ભાઈબીજ એમ પાંચ દિવસ સુધી ચાલે છે.

**ધનતેરશ :**

ધનતેરશના બે અર્થ થાય છે. એક તો ધણ અર્થાત્ ગૌધન-તેરશ અને બીજો ધનના પૂજનનો દિવસ એટલે ધનતેરશ. પૂર્વે ગાયોના ધણને પણ ધન કહેવામાં આવતું હતું. આ દિવસે ગાયોનું રૂડી રીતે પૂજન થતું. કાળક્રમે ગાયોની સાથે સાથે ધનની પૂજા થવા લાગી. માણસ તો સામાન્યપણે આદિકાળથી ધનની પૂજા કરતો જ આવે છે તેથી આ દિવસે વધુને વધુ ધનની પૂજા થતી ગઈ ને ગૌપૂજા ધીમે ધીમે ઓછી થઈ. તેથી આ તેરશ ધણ તેરશના નામ કરતા ધનતેરશથી વધારે પ્રચલીત બની.

જો કે ભગવાનના ભક્તને માટે તો સ.ગુ. મુક્તાનંદ સ્વામીએ ગાયું છે : 'રે શ્યામ તમે સાચું નાણું, બીજું સર્વે દુઃખદાયક જાણું...' તે પ્રમાણે ભક્તનું સાચુ ધન તો તેના ભગવાન છે માટે તેનું વિશેષતઃ પૂજન કરવાથી સર્વે પૂજન પૂર્ણ થાય છે. છતાંય ધનની આવશ્યક્તા અનિવાર્ય જ છે. પરંતુ તે ધન-લક્ષ્મી દૈવી હોવી જરૂરી છે; તે જ પોતાને ઉન્નતિ અપાવે પણ જે લક્ષ્મી આસુરી હોય તેનાથી પોતાને, કુટુંબને કે સમાજને ભ્રષ્ટ અને વિકૃત કરે છે. તેટલા માટે ભગવાન શ્રી સ્વામિનારાયણે શિક્ષાપત્રીમાં પણ કહ્યું છે : 'धर्मेण अर्थः सम्पादनीयः ।' ધર્મથી જ ધન-પૈસો મેળવવો. માટે આપણે વિચારવું જોઈએ કે, ખરેખર મારી ઉપાર્જીત કમાણી-લક્ષ્મી તે દૈવી તો છે ને.?.

જો ભૂલથી પણ કંઈને કંઈ લક્ષ્મી-ધનમાં આસુરી કમાણી થતી હોય તો તેની શુદ્ધિ અર્થે આ ધનતેરશના દિવસે લક્ષ્મીનું પૂજન કરવામાં આવે છે. અને ખરા અર્થમાં તેને જ દૈવી લક્ષ્મી - ધન - સંપત્તિ કહેવાય કે જે કેવળ સ્વાર્થમાં ન વપરાય ને પરમાર્થે-ધર્માર્થે પ્રભુના ઉપયોગમાં આવે તે જ સાચી લક્ષ્મી કહેવાય. તેને જ મહાલક્ષ્મી કહેવાય છે.

ભગવાન શ્રી ધન્વન્તરીનો જન્મ સમુદ્ર મંથન વખતે હાથમાં કળશ લઈ આજ દિવસે થયો હતો. તે વાતની નોંધ શ્રીમદ્ ભાગવતમાં કરતા શ્રીવેદવ્યાસજી કહે છે :

'ततश्चा विरभूत् साक्षाच्छ्री रमा भगवत्परा ।
रज्जयन्ती दिशः कान्त्या विद्युत् सौदामनी यथा ।।'

"...જો કે ભગવાનના ભક્તને માટે તો સ.ગુ. મુક્તાનંદ સ્વામીએ ગાયું છે : 'રે શ્યામ તમે સાચું નાણું, બીજું સર્વે દુઃખદાયક જાણું...' તે પ્રમાણે ભક્તનું સાચુ ધન તો તેના ભગવાન છે માટે તેનું વિશેષતઃ પૂજન કરવાથી સર્વે પૂજન પૂર્ણ થાય છે. છતાંય ધનની આવશ્યક્તા અનિવાર્ય જ છે. પરંતુ તે ધન-લક્ષ્મી દૈવી હોવી જરૂરી."

## કાળી ચૌદશ :

આજના દિવસે તમામ અશુભો દૂર કરવામાં આવે છે. તેના માટે શ્રી હનુમાનજીની પૂજા-પ્રાર્થના કરાય છે.

આજના દિવસ સાથે એક પૌરાણિક કથા પણ જોડાયેલી છે. શ્રીકૃષ્ણ ભગવાને સત્યભામા સાથે જઈને ભૌમાસુર જે નરકાસુર તેનો નાશ કરી તેણે કેદ કરેલી ૧૬૦૦૦ સ્ત્રીઓને છોડાવી. તેથી દેવો એ આનંદમાં આવી દિવાઓ પ્રગટાવી દિપોત્સવ મનાવેલ. ત્યારબાદ આ ભૌમાસુર-નરકાસુર તે પૃથ્વી ઉપર પડ્યો થકો છેલ્લા શ્વાસ લઈ રહ્યો હતો ત્યારે તેણે ભગવાનને પ્રાર્થના કરીને કહ્યું : ''મારી મૃત્યુતિથિએ જે સૂર્યોદય પહેલા સ્નાન કરે તેને નરકની પીડા ન થાય.'' તે વર ભગવાને તેમને આપેલો તેથી આજના દિવસે બ્રાહ્મમુહૂર્તે સ્નાનનો અધિક મહિમા કહ્યો છે.

સોળ હજાર જેટલી સ્ત્રીઓની એવી ભાવના હતી કે અમોને કેદમાંથી છોડાવી ભગવાન પોતાના સાનિધ્યનું સુખ આપે. તે ભાવને વશ થઈ ભગવાન શ્રીકૃષ્ણે નરકાસુરનો નાશ કર્યો અને તે સૌ સ્ત્રીઓના મનોરથ પૂર્ણ કર્યા.

આ વાતને જ લક્ષ્ય બનાવી ભગવાન શ્રી સ્વામિનારાયણ કારિયાણી પ્રકરણના પાંચમા વચનામૃતમાં આસો વદિ આ ચૌદશના દિવસે જ એ વાત કરતા કહે છે : ''ભગવાન પોતાના ભક્તના મનોરથ પૂર્ણ કરવાને કાજે પૃથ્વી પર દેહ ધરે છે અને તે ભેળું અનેક જીવનું કલ્યાણ કરે ને ધર્મનું સ્થાપન પણ કરે છે.''

શ્રીજી મહારાજે આ દિવસે ઘણીવાર વડતાલે, ગઢપુર, સરધાર વગેરે સ્થાનોમાં જ્યાં જ્યાં બિરાજતા ત્યાં ત્યાં પોતાના ધર્મકુળની રીત પ્રમાણે હનુમાનજીનું પૂજન કરીને હનુમાનજીની દાસ-ભક્તિને બિરદાવી છે.


એટલે જ આપણે પણ આજના દિવસે શ્રી હનુમાનજીના જેવી દાસત્વ ભક્તિ આપણને સૌને પ્રગટે તેવી શરૂઆત કરીએ.

## દિવાળી :

મનુષ્ય માત્ર હંમેશા આધિ-વ્યાધિ ને ઉપાધીથી ઘેરાયેલો છે. તેમાંથી જે દિવસે મુક્ત થવાય છે તે જ દિવસને દિવાળી કહેવાય છે. આ દિવાળીના દિવસે


- ભગવાન શ્રી રામચંદ્રજી લંકા ઉપર વિજય મેળવીને અયોધ્યા પધાર્યા.
- પાંડવો વનમાંથી પાછા ફર્યા.
- સમુદ્રમાંથી લક્ષ્મીજી પ્રગટ થયા.
- પૃથુ ભગવાને પૃથ્વીનું દોહન કરી રસકસ કાઢ્યા.
- ભગવાન શ્રીકૃષ્ણે ભૌમાસુર-નરકાસુરનો નાશ કરી પ્રજાને ત્રાસમુક્ત કરી તેના આનંદનો






''...મનુષ્ય માત્ર હંમેશા આધિ-વ્યાધિ ને ઉપાધીથી ઘેરાયેલો છે. તેમાંથી જે દિવસે મુક્ત થવાય છે તે જ દિવસને દિવાળી કહેવાય છે...''











દિવસ.

- ચોપડા પૂજન કરી શારદા પૂજન કરવાનો દિવસ.

શ્રીજીમહારાજે પણ આ દિવાળીના શુભ દિવસે આપણને સૌને ઉપદેશ આપતા કારિયાણી પ્રકરણના છઠ્ઠા વચનામૃતમાં કહ્યું છે : ''જે ભક્ત કામ, ક્રોધ, લોભ, કપટ, માન, ઈર્ષા અને મત્સર એટલાં વાનાએ રહિત થઈ ભગવાનની ભક્તિ કરે તેની ઉપર ભગવાન રાજી થાય છે.'' આ ઉપદેશ આપણને સૌને ભગવાન શ્રીહરિએ આપ્યો છે. તેથી તે વાતને આપણે આપણા જીવનમાં સાકાર કરવી તે આપણી પરમ ફરજ છે. તે સર્વે દોષોથી રહિત થઈ દિવ્ય જીવન જીવવું તે જ આવા શુભ દિવસનું ફળ હોય છે.

અમાસની રાત્રે અજવાળાં ફેલાવતાં દિવડા પ્રગટાવીને અંતરમાં પ્રકાશ પાથરવાની પ્રાર્થના સૂચવતો ઉત્સવ તે દિપાવલી કે દિવાળી. ભગવાન કે તેમના સત્પુરુષમાં મનુષ્યભાવ આવે તો તેની હોળી કરીએ અને દિવ્યભાવની દિવાળી કરીએ એ જ દિવાળી ! ઘર-કુટુંબ અને શરીરમાં શુદ્ધિ, નવીનતા, પ્રેમ અને આત્મીયતા કેળવવાનો શુભ અવસર એટલે દિવાળી. અને જો સર્વે દોષો ટાળીને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિના દિવડા દિલમાં પ્રગટી જાય તો તેને સ.ગુ. બ્રહ્માનંદ સ્વામી કહે છે :

**'સખી હૈડે તે હરખ ન માંય, આજ દિવાળી રે...'**

એવા ભક્તને તો 'દિન દિન દિવાળી' જ છે.

આ દિવાળીના દિવસે જ સમુદ્ર મંથનમાંથી લક્ષ્મીજીનું પ્રાગટ્ય થયું હતું. તેથી આજ દિવસે ચોપડા પૂજન કરાય છે. અને નવા વર્ષથી શુદ્ધ લક્ષ્મીનું ઉપાર્જન કરીશ તેમજ નીતિથી જ ધન-સંપત્તિ મેળવીશ એવી પ્રતિજ્ઞા આજ દિવસે કરવામાં આવે છે.

આ દિવસે અબજો રૂપિયાનું દારૂખાનું ફુટતું હશે છતાંય આ દિવસને ફટાકાવલી નથી કહેતા ને દિપાવલી જ કહે છે. કારણ કે દિપક તે જ્ઞાન જ્યોતિનું ચિહ્ન છે. જેથી જીવનમાં આજ્ઞા-ઉપાસના તથા સંસ્કારો ને સદાચારોના દિપકો પ્રગટાવી, તે જ દિપકોના અજવાળે માયારૂપી અંધકારને પાર કરી પરબ્રહ્મ સુધી પહોંચીએ...

આ શરીર તો કોડીયું છે, જ્ઞાનરૂપી વાટ છે ને સદ્‌ગુણ રૂપી જ્યોત છે. આ સદ્‌ગુણ રૂપી જ્યોતના સથવારે વાસ્તવિક પરમ સત્ય તત્ત્વ શોધી તે પરમપદને પ્રાપ્ત કરીએ એજ દિપાવલીનો અર્થ છે.

ખરેખર તો દિવાળી એટલે વિદાય લેતા વર્ષનો અંતિમ દિવસ...! આસો માસની ઘોર અંધારી રાત; આ ઘોર અંધારી રાતે ઉજવાતા દિવાળીના તહેવારને પણ પ્રકાશનું પર્વ શા માટે માનવામાં આવે છે ? આની પાછળનું રહસ્ય પણ સમજવા જેવું છે.

અંધારૂ કાળા કામો કરનાર સિવાય કોઈનેય સ્વપ્નેય ગમતું નથી. કારણ કે અંધારૂ બિહામણું છે. તેમાં અનેક અનર્થો છૂપાયા છે. **'Necessity is the mother of Invention'** જરૂરી જરૂરીઆતો જ શોધખોળોની જનની બને છે, તે ન્યાયે આ દિવાળીની રાત્રિનું ઘોર અંધારૂ જ માનવના મનમાં પ્રકાશ પામવા માટેની પ્રબળ ઝંખના જગાડે છે. તેથી જ આ દિવસે અનેક દિવાઓ પ્રગટાવી અંધકારને હટાવી પ્રકાશ પાથરવાનો પ્રયાસ કરાય છે. પ્રકાશમાં જ પરમાનંદ ને પરમ શાંતિ છે, પ્રકાશમાં જ પ્રગતિ માટેની પ્રવૃત્તિ શક્ય બને છે. અને અંધકાર તો અગોચર અને પ્રગતિને રૂંધનાર તેમજ ભયંકર હોય છે. તેથી જ આપણા

આર્ષદ્રષ્ટાઓએ કહ્યું છે :

तमसो मा ज्योतिर्गमय... ।

ॐ तेजस्वि नावधीतमस्तु... ।

आप्यायन्तु मङ्गलानि वाक्

प्राणश्चक्षुः क्षोमथो बलमिन्दियाणि च सर्वाणि... ॥

વગેરે વૈદિક પ્રાર્થના વડે જેમને પ્રસન્ન કરવા ઈચ્છીએ છીએ તે જ આપણા ઈષ્ટદેવ લક્ષ્ય છે. બાકી જગતની રીતે તો ઉત્સવો આનંદ માણવા માટે હોય છે. પરંતુ શાસ્ત્રીય મતાનુસાર ઉત્સવ એ પ્રાર્થના છે અને પ્રાર્થના તે તો દુઃખી હૃદયનો આર્ત પોકાર છે. તે તો સર્વે સાધનો નિષ્ફળ બને ત્યારે પ્રાર્થના જ આધાર બનતી હોય છે. તે પ્રાર્થના જ પ્રભુમાં પાગલ બનાવે છે. તેથી જ કહેવાયું છે :

**'હર દિન નયા હૈ, હરરાત નિરાલી હૈ ।**
**દિલમેં જો પ્રભુ કા પ્યાર હૈ, તો દરરોજ દિપાવલી હૈ ॥'**

ભગવાનના ભક્ત તો ખરેખર **'મારે દાડી દાડી તે દિવાળી...'**

દરરોજ દિવાળી હોય છે. પરંતુ આ વાત જેણે પ્રભુ પ્રેમની પ્યાલી પીધી હોય તેની છે. બાકી આજના ઝંઝાવાતી જગતના માનવીને તો દાડી દાડી દિવાળીને બદલે હોળી સળગતી હોય છે. છતાંય ઘણા ઘમંડી લોકો બોલતાં હોય છે કે મેં તારા કરતા દિવાળી વધારે જોઈ છે. ત્યારે તેને કહેવાનું મન થાય કે સારું ભાઈ ! તે દિવાળી તો જોઈ હશે પણ ઉજવી કેટલી ? કારણ કે આ ઉત્સવ તો વેર-ઝેરને ભૂલી સ્નેહના સાથીયા પુરવાનો છે. વિવિધ રંગોથી રંગોળી સજાવી હૃદયના શાંત ઝરૂખે સર્વોપરિ સહજાનંદને સમર્પણની ગાદીએ બેસાડી સદ્‌ગુણોના દિપકો પ્રગટાવી તેમની પૂજા કરવાનો ઉત્સવ છે.

ઉત્સવ પણ સાચા અર્થમાં ત્યારે જ ઉજવાયો કહેવાય કે હૃદયમાંથી કામ, ક્રોધ, લોભ, મોહ ઈત્યાદિક અંતઃશત્રુ દૂર થાય. તે વાત ઘણી વખત આનંદ-ઉત્સાહથી બનતી હોય છે. તેથી આદ્ય ઋષિ વાલ્મિકીજી રામાયણમાં લખે છે :

'सीदन्ति कर्मस्वतिदुष्करेषु ।' (વાલ્મીકિ રામાયણ : ૩/૬૩/૧૯)

ઉત્સાહ દ્વારા સંપૂર્ણ સિદ્ધ ઉત્સવ હૃદયમાંથી તમસ્ - અસત્ અને મૃત્યુ આ ત્રણ ભાવને હટાવી દે છે.

શ્રીજીમહારાજે આ ઉત્સવ ગઢપુર, વડતાલ, સરધાર, લોજ, આદરેજ, ભુજ અને કારિયાણી વગેરે ઘણા સ્થાનોમાં કરેલો છે.

## નૂતન વર્ષ :

કારતક સુદ પડવાનો દિવસ એ વિક્રમ સંવતસરીના નૂતન વર્ષનો પ્રારંભ. ભગવાન વ્યાસ કહે છે :

'यो यादृशेन भावेन तिष्ठत्यस्यां युधिष्ठिर ! ।
हर्षदैन्यादिरूपेण तस्य वर्षं प्रयाति वै ।।'

'હે યુધિષ્ઠિર ! જે વ્યક્તિ નૂતન વર્ષના દિવસે આનંદમાં રહે છે તેનું આખું વર્ષ આનંદમાં વીતે છે.' 'જે દુઃખમાં રહે છે તેનું આખું વર્ષ દુઃખમાં વીતે છે.' તેથી આ દિવસ તો પૂરા વર્ષના આનંદ અને સુખને પામવાનો દિવસ છે.

જેમ દિવાળીને દિવસે દીપમાળા રચાય છે તેમજ આ દિવસે પણ સુંદર દીપમાળા રચાય છે. શ્રીજીમહારાજ પણ કારિયાણીમાં સં.૧૮૭૭ના આસો વદિ અમાસ અને કારતક સુદ પડવાને દિવસે વસ્તાખાચરના દરબારમાં ઉત્તરાદે દ્વાર ઓરડાની આગળ દીપમાળા પૂરી હતી અને તે દીપમાળા મધ્યે મંચ બાંધ્યો હતો ને તે મંચ ઉપર છપરપલંગ બિછાવ્યો હતો,

"...જે વ્યક્તિ નૂતન વર્ષના દિવસે આનંદમાં રહે છે તેનું આખું વર્ષ આનંદમાં વીતે છે. જે દુઃખમાં રહે છે તેનું આખું વર્ષ દુઃખમાં વીતે છે. તેથી આ દિવસ તો પૂરા વર્ષના આનંદ અને સુખને પામવાનો દિવસ છે..."







તેવી શોભાએ યુક્ત બિરાજમાન થયા હતા.(કારિયાણી પ્રકરણ વચનામૃત : ૬-૭)

દીપમાળાની સાથે સાથે ભગવાન શ્રી સ્વામિનારાયણ સમક્ષ ભક્તો ફટાકડા પણ ફોડતા. તેનું વર્ણન શ્રીહરિલીલામૃત ગ્રંથમાં પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજે કર્યું છે:


**'દીપોત્સવી હતી તે દિને,**
**રાતે રૂડિ રચી દીપમાળ ।**
**વચે વિરાજે વાલમો, પરમેશ્વર જનપ્રતિપાળ ॥**
**દર્શન કારણ દેવતા, રૂડું દિપકનું ધરી રૂપ ।**
**શું અવનીમાં આવિયા, એવો ભાવ જણાય અનૂપ ॥**
**કોઠીયો ઝાડ બપોરિયા, એવો દારૂખાનાનો ખેલ ।**
**કર્યો કૃપાળની આગળે, જોઈ રીઝયા રૂદે રંગરેલ ॥**
**તાલ મૃદંગ બજાવિને, કરે ઉત્સવ સંતસમાજ ।**
**દારૂખાનાનાં રમકડાં જોતા, થઈ ક્રોડ દિવાળી આજ ॥'**

(શ્રીહરિલીલામૃત : ૭/૨૭)

જો કે શ્રીજીમહારાજને ફટાકડા બહુ ગમતા નહિ તેની નોંધ કરતા સ.ગુ. આધારાનંદ સ્વામી પોતાના ગ્રંથમાં કહે છે : ''...આ હરિભક્તોના છોકરા બાળબુદ્ધિ હોવાથી બપોરિયાં ને ફટાકડા ફોડતા. શ્રીહરિ તેમનો ખેલ જોઈને હસતા. ભક્તોને કહે : આવી રમત સારી નહી. હાથ-પગ-મોઢું બળી જાય તેવી આ રમત છે.''

(શ્રીહરિચરિત્રામૃતસાગર, પૂર : ૧૨ તરંગ : ૪૫)

નૂતન વર્ષના દિવસે શ્રીજીમહારાજ અન્નકૂટની પણ ઉજવણી કરતા. જાતે કંકોત્રી લખાવી અનેરો ઉત્સાહ દાખવતા.





ભગવાને વામન અવતાર ધરીને આ દિવસે બલીરાજા પાસે ત્રણ પગલા પૃથ્વી માંગી હતી. તેથી બેસતા વર્ષને બલિ પ્રતિપદા પણ કહે છે. આ દિવસે બલીનું પૂજન પણ થાય છે. ભગવાન શ્રીકૃષ્ણે આ દિવસે ઈન્દ્રના બદલે ગોવર્ધન આગળ અન્નકૂટનો મોટો ઉત્સવ કરી આ દિવસને અન્નકૂટોત્સવ તરીકેની ખ્યાતી અપાવી છે.

નવા અનાજની નવી નવી વાનગીઓ ધરાવીને ભગવાન સમક્ષ અન્નકૂટ ધરાવવામાં આવે છે. તેમ કરવાથી આખુંય વર્ષ ભગવાનની પ્રસાદિરૂપ પવિત્ર અન્ન જમવાની ભાવના અને બધું ભગવાનનું જ છે, તેમનું આપેલું આપણે જમીએ છીએ તો તેમને અર્પણ કરી પછી આપણે જમવું તેવી ભાવના વ્યક્ત કરતા આ ઉત્સવ ઉજવવામાં આવે છે.

અન્નકૂટ ભગવાન સમક્ષ અર્પણ કરી ઉત્સવના પદો

તથા થાળ-આરતી વગેરે ઉત્સાહથી ગવાય છે. સાંજ સુધી આ દર્શન રાખવામાં આવે છે. પછી તે જ પ્રસાદ સર્વે ભક્તોને વહેંચવામાં આવે છે.

શ્રીજીમહારાજ સમકાલીન ઘણા ઘણા અન્નકૂટના ઉત્સવો થતા. તેમાં સં. ૧૮૭૩ના વર્ષનો ગઢપુરનો અન્નકૂટોત્સવ ખૂબજ પ્રસિદ્ધ છે. આ ઉત્સવમાં સર્વે સ્ત્રીભક્તોની પવિત્રતાની સાથે ધર્મ સહિતની ભગવાન શ્રીહરિ પ્રત્યેની નિષ્કામ ભક્તિ જોઈ ખુદ ભક્તિમાતાએ સૌ સ્ત્રીભક્તોને દર્શન આપ્યા હતા. તે વખતે સ્ત્રીભક્તોએ પોતાને ત્યાં ભક્તિમાતાને રોકાવાનો અતિ આગ્રહ કર્યો. ત્યારે ભક્તિમાતા કહે : ''હું પતિવ્રતા સ્ત્રી છું. તમે મારા પતિ ધર્મને રાખશો તો હું હંમેશા રહીશ જ. અને અમે બંને જ્યાં હશું ત્યાં અમારા પુત્ર ઘનશ્યામ પણ હોય જ.'' આમ, ભક્તિમાતાએ સ્ત્રીભક્તોને ઉપદેશસભર આશીર્વાદ આપ્યો હતો.

અધર્મ અંધારું ટાળવા 'પ્રેમે પ્રગટેલા સુરજ સહજાનંદ'નો પ્રકાશ આપણે કેટલો ઝીલ્યો તે અંતર્દષ્ટિ કરવાનો દિવસ એટલે જ બેસતું વર્ષ. તેથી જ સ.ગુ. ભૂમાનંદ સ્વામીએ ગાયું છે :

**'એ જ દિવાળી રે દેહ મનુષ્યનો રે, આવ્યો અતિ દુર્લભકાળ જેહ;**
**તે જ તુજને મળ્યો જેને ઈચ્છે છે દેવતા રે, તેમાં લવ નથી સંદેહ;**
**ભૂમાનંદ કહે છે રે અવસર આવિયો રે, તેમાં તારું લેને સુધારી કાજ.'**

આ કીર્તનના શબ્દાનુસાર શ્રીજીમહારાજે કારિયાણીમાં બેસતા વર્ષના પવિત્ર દિવસે વાત કરી : ''...દેહના સંબંધી સર્વ માંથી પ્રીતિ તોડીને ભગવાનને વિષે દૃઢ પ્રીતિ કરે ને સાધુનો સમાગમ રાખે તો ગૃહસ્થને પણ ત્યાગીની પેઠે અખંડ ભગવાનમાં વૃતિ રહે.''

(વચનામૃત કારિયાણી પ્રકરણ : ૭)

નવા વર્ષના મંગલ પ્રભાતે આપણા જીવનનો નવો હિસાબ શરૂ કરીએ. શ્રીજીમહારાજે ગઢડા પ્રથમ પ્રકરણના ૩૮, ૭૦ અને સારંગપુર પ્રકરણના ૧૮મા વચનામૃતોમાં કહ્યા પ્રમાણે હું મારા મોક્ષના માર્ગે કેટલો આગળ વધ્યો. આ સત્સંગમાં પ્રતિદિન ખોટ કરું છું કે નફો કરું છું તેનો હિસાબ માંડીએ. જેથી કરી વિતેલા ખોટના દિવસો ફરી ન આવે એવી નૂતન વર્ષના મંગલ પ્રભાતેથી શરૂઆત કરીએ. કારણ કે

**'First Impression is the Last Impression.'**


વર્ષના પ્રથમ દિવસે જ એવી અસર આપણા જીવન પર પડે કે તેનું સ્મરણ ચિરગામી બની રહે. ખરેખર નવું વર્ષથી જીવનમાં કંઈ નવીનતા ન પ્રગટે તો 'નવું વર્ષ' 'જુનું વર્ષ' એ નિરર્થક શબ્દો બને. તેથી જ તો 'જાગ્યા ત્યારથી સવાર - ભૂલ્યા ત્યાંથી ફરી ગણવું.' આ નવા વર્ષના સૂત્રો હોવા જોઈએ. તે સાથે જ જો નવા વર્ષનો પ્રારંભ થાય તો સામાન્ય માનવ પણ મહાનતાના ઉત્તુંગ શિખરોને આંબી શકે. આપણા સંકલ્પોમાં પ્રાણ પૂરવાની જવાબદારી આપણી જ છે. તેથી જ ગવાયું છે :

**'નવો દીસે, આવેશ જીવનમાં, નવું જગત આ લાગે છે;**
**ખરો ભક્ત તો નવા વર્ષમાં, નવું જીવન એ માગે છે.'**

ભક્ત પણ તેને જ કહેવાય કે જે કંઈક જીવનમાં જુના સ્વભાવોને છોડી પોતાના ઈષ્ટદેવને ગમે તેવું જીવે. તેથી જ કહેવાયું છે :


**'An Honest man is the noblest work of God.'**

'પ્રામાણિક માનવી એ ભગવાનની ઉત્તમ કૃતિ છે.' જો આપણે ખરા અર્થમાં માનવી બનીશું તો હવે પછી 'માં' નવી નહિ કરવી પડે, એટલે કે આ છેલ્લો જન્મ









થઈ જશે. તેવી શુભ કામના સાથે નૂતન વર્ષના પ્રારંભથી જ ધર્મમય જીવન જીવવાની શરૂઆત કરવી જોઈએ.

'धर्मो रक्षति रक्षितः ।'

જે ધર્મની રક્ષા કરે છે તેની રક્ષા ધર્મ કરે છે. એ ન્યાયે આપણે સર્વે આ નૂતન વર્ષથી શ્રીજીમહારાજની સર્વે આજ્ઞાને પાળવાની ટેક લઈશું તો મહારાજ જરૂર આપણી રક્ષા કરશેજ.



ભગવાન શ્રીહરિએ આ ઉત્સવ વનવિચરણમાં સિદ્ધવલ્લભ રાજાના સિરપુર રાજ્યમાં કર્યો હતો. ત્યારબાદ લોજમાં મુક્તાનંદ સ્વામી આદિક સંતોની સાથે કરેલો. પીપલાણામાં તથા જેતપુરમાં ગુરુવર્ય રામાનંદ સ્વામીની સાથે આ ઉત્સવ ઉજવેલ. ત્યારબાદ શ્રીજીમહારાજે સત્સંગની ધર્મધુરા સંભાળ્યા પછી ગઢપુર, ભાડેર, સરધાર, કારિયાણી, અમદાવાદ, વડતાલ વગેરે ધામોમાં અતિ ધામધુમથી ઉજવેલા છે. તે સર્વે ઉત્સવોની સ્મૃતિ પુરઃ સર આપણે આ ઉત્સવના ઉત્સાહની સાથે જ સંતો-ભક્તોની સાથે મળી ગઢપુરમાં તા. ૨૪-૧૦-૦૬ કારતક સુદ ભાઈબીજ થી તા. ૩૦-૧૦-૦૬ કારતક સુદ આઠમ સુધી પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી ઉજવવામાં આવનાર શ્રીહરિ રજત દ્વિશતાબ્દી તથા શતામૃતાદિ ત્રિવિધ નિમિત્ત યુક્ત '**ગઢપુર મહોત્સવ**'ને ઉજવીએ જેથી અંતકાળે તે યાદ આવે તો જીવનું ઘણું રૂડું થાય.

**ભાઈબીજ :**

ભાઈબીજનું બીજું નામ 'યમદ્વિતિયા' છે. જુના વર્ષના રાગદ્વેષોને ભૂલી નવા વર્ષમાં પ્રવેશની સાથે જ ભાઈ-બહેનના નિર્વ્યાજ પ્રેમની અભિવ્યક્તિ થાય છે. આ દિવસે યમુનાજીએ પોતાને ઘેર સ્વબંધુ યમરાજને નિમંત્રણ આપી પૂજા કરી પ્રથમ જમાડેલા ત્યારે પ્રસન્ન થયેલા યમરાજે બહેનને વરદાન માગવા કહ્યું. ત્યારે યમુનાજીએ માંગ્યું : "હે ભાઈ ! તમારે દર વર્ષે આ દિવસે મારે ઘેર જમવા આવવું તેમજ આ દિવસે જે ભ્રાતા-પુરુષ પોતાની બહેનને ત્યાં ભોજન કરે તેને તમારે યથેષ્ટ સુખ આપવું."

'या तु भोजयते नारी भ्रातरं युग्मके तिथौ । अर्चयेच्चापि तांबुलै र्नसा वैधव्यमाप्नुयात् ।।'

જે નારી ભાઈબીજના દિવસે ભાઈને જમાડે - તાંબુલાદિક આપી પ્રસન્ન કરે તે વિધવા થતી નથી.

ભાઈ-બહેનના પ્રેમનું પ્રતિક એટલે ભાઈબીજનો દિવસ. જો આ દિવસે ભાઈ બહેનને કોઈ કારણોસર ન મળી શકે તો ભાવભીની બહેન તે બીજના ચંદ્રને પોતાનો ભાઈ ગણી પૂજા કરે છે. તેથી બહેન ચંદ્રને ભાઈ ગણે છે અને તેના બાળકો ચંદ્રને 'ચાંદામામા' કહી પ્રેમથી હાંક મારે છે.

આ બીજના ચંદ્ર દર્શન પછી જ ઈસ્લામ લોકો રોજાના પારણા કરે છે, વેપારીઓ ચંદ્ર દર્શન પરથી બજારની તેજી-મંદીનું અનુમાન કરે છે. આમ, બીજના ચંદ્રનું આર્ય સંસ્કૃતિમાં ઘણુંજ મહત્ત્વ છે. તેથી જ કદાચ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણે પોતાના ડાબા ચરણના તળે ચિહ્ન રૂપે નિવાસ આપ્યો છે. અને મહાદેવ શિવજીએ પોતાના મસ્તક ઉપર બીજના ચંદ્રમાને ઘરેણા રૂપે ધારણ કરેલ છે.

શ્રીજીમહારાજ વડતાલ પ્રકરણના ૧૨મા વચનામૃતમાં બીજના ચંદ્રનું દૃષ્ટાંત આપતા કહે છે : "ભગવાનના સ્વરૂપનો જેને સત્સમાગમે કરીને દૃઢ નિશ્ચય થાય છે તેનો જીવ બીજના ચંદ્રમાની પેઠે દિવસે દિવસે વૃદ્ધિ પામે છે."

માટે આપણે પણ આ દિવસે એવો સંકલ્પ કરીએ કે સાચા સંતોનો સમાગમ કરીને ભગવાનનો દૃઢ નિશ્ચય કરીએ. જેથી આપણે આ સત્સંગમાં બીજના

"...ભાઈ-બહેનના પ્રેમનું પ્રતિક એટલે ભાઈબીજનો દિવસ. જો આ દિવસે ભાઈ બહેનને કોઈ કારણોસર ન મળી શકે તો ભાવભીની બહેન તે બીજના ચંદ્રને પોતાનો ભાઈ ગણી પૂજા કરે છે. તેથી બહેન ચંદ્રને ભાઈ ગણે છે અને તેના બાળકો ચંદ્રને 'ચાંદામામા' કહી પ્રેમથી હાંક મારે છે..."



'જીવન રૂપી પુષ્પનું પ્રેમ એ મધ છે.' પ્રેમથી જીવન જીવીને પ્રભુને પ્યારા બનીએ એવું ઈચ્છીને સૌ સાથે મળી, આગામી આવા ભવ્ય, પવિત્ર અને નવલા દિવસોમાં ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણને પ્રાર્થના કરીએ : 'संगच्छध्वं संवदध्वं सं वो मानांसि जानताम् समाना हृदयानि वः ।' (ઉપનિષદો)

અમે સાથે રહિએ, સાથે પ્રગતિ મેળવીએ, અમારા સૌના હૃદય સમભાવનાનો સાગર બનો.

નૂતન વર્ષના પ્રારંભમાં આપણે આર્તનાદથી પ્રાર્થના કરીએ : હે મહારાજ ! 'अन्यथा शरणं नास्ति त्वमेव शरणं मम । तस्मात् कारूण्य भावेन रक्ष माम्।।' (ઉપનિષદો)


અમારે બીજાનું શરણું નથી તેમજ અન્ય કોઈના શરણની ઈચ્છા પણ નથી. તમારું એકનું જ શરણ છે, હું તમારે શરણે આવ્યો છું, આપ આપની કરુણામય દ્દષ્ટિથી મારું સર્વ પ્રકારે રક્ષણ કરો...રક્ષણ કરો...!!

આમ, શ્રીજીમહારાજને પ્રાર્થના કરીએ અને સાથોસાથ સદૈવ સાચા સંતનો સંગ મળે તેવી અરજ કરીએ કારણ કે -

**'ઉગ્યો દિનેશ નવ ભર્યા ભર્યા પ્રભાતે,**
**આદેશ આજ જનમંગળકાજ આપે;**
**હું તો સદૈવ ગગને અવિરામ ઘુમુ,**
**તીર્થો કરી પવિત્ર સંગ પદાબ્જ ચુમુ.'**

આ સાચા સંતનો મહિમા છે માટે આ દીપોત્સવ તથા નૂતન વર્ષ તે આપણા જીવનનું યાદગાર વર્ષ બને, આ મનુષ્ય દેહે કરી આત્યંતિક કલ્યાણ માટેનું અમૂલ્ય ભાતું બની રહે તેવું આ વર્ષ વિતે; તેવી સર્વાવતારી, સર્વોપરી, અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિ ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણના ચરણોમાં પ્રાર્થના કરી ખૂબજ મજબુત મન કરી તેના સથવારે અડગ કદમો ભરીએ. મોજથી... આનંદથી... ઉત્સાહથી... ઉમંગથી નવા વર્ષની શરૂઆત કરીએ...!!!

બસ એજ અભ્યર્થના સાથે સર્વે વાચક શ્રીજીમહારાજના લાડિલા ભક્તોને અમારા સહ લેખકોના નૂતન વર્ષના હૃદયપૂર્વક સ્નેહ સહ જય શ્રી સ્વામિનારાયણ...!!



ચંદ્રની પેઠે દિવસે દિવસે વૃદ્ધિ પામીએ. આ દિવસની આપણા સંપ્રદાયમાં એક વિશેષતા એ છે કે આ દિવસે સુરતમાં શ્રીજીમહારાજે સ્વહસ્તે અરદેશરજી કોટવાળને આપેલ પાઘના દર્શન કરાવવામાં આવે છે. આમ, આ દિવસ ઘણોજ પવિત્ર ગણવામાં આવે છે.

વિશેષમાં શ્રીજીમહારાજનું મહાન પ્રસાદિભૂત તીર્થધામ એવું સરધારધામને આંગણે વડતાલ પીઠાધિપતિ **પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ**ના આશીર્વાદ સહ આજ્ઞાથી તેમજ **પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજ**ના અધ્યક્ષપદે દર વર્ષે ભાઈબીજ થી દશમ સુધી, ભવભટકણમાંથી છૂટી ભગવાન શ્રીહરિને ભેટવા માટે, શ્રીજીમહારાજની આજ્ઞા-ઉપાસનામાં ખબડદાર થવા માટે **'શ્રી સ્વામિનારાયણ સત્સંગ છાવણી'**નું અનેરું આયોજન કરવામાં આવે છે. જેમાં હજારો ભક્તજનો લાભ લઈને પોતાના જીવનને ધન્યભાગી બનાવે છે. તેમાં પણ આ વર્ષે તો આજ તિથિને આરંભી ગઢપુરધામને આંગણે ભવ્ય ત્રિવિધ નિમિત્ત યુક્ત મહોત્સવનો પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સંકલ્પથી શુભારંભ થતો હોવાથી સત્સંગ છાવણીનો કાર્યક્રમ ધનુર્માસમાં તા. ૭-૧-૦૬ પોષ વદ - ૪ થી તા. ૧૫-૧-૦૬ પોષ વદ - ૧૧ સુધી રાખવામાં આવ્યો છે. જેની સર્વે ભક્તોએ નોંધ લેવી.

**ઉપસંહાર :**

આમ, દીપાવલીના ઉત્સવમાં મુખ્ય પાંચ દિવસો મનાય છે. દિવાળી આવતા પહેલા સર્વે લોકો ઘરની સાફસફાઈ કરી સ્વચ્છ કરે છે. પછી તેમાં રંગોળીઓ પૂરી દિપ પ્રાગટ્ય કરે છે, તેવી જ રીતે આ ઉત્સવમાં હૃદયમાંથી સર્વે દોષોને દૂર કરી નવા સદ્‌ગુણો ભરી પ્રેમના દિપ પ્રગટાવવાનું પર્વ છે. તેથી જ કહેવાયું છે :

**'Life is Flower of which Love is honey.'**

ઉપાસના ચિંતન

સાધુ યોગેશ્વરદાસજી
ગુરુ : પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

# અવતાર અવતારીમાં ઐશ્વર્યભેદ, તારતમ્યદર્શન...

ઉપાસનાનો પ્રશ્ન ખૂબ જ મહત્ત્વનો છે. અવતારના અવતારો, કારણોના કારણ, સર્વાંતર્યામી, સર્વનિયંતા, એવા પરબ્રહ્મ પરમાત્માના સર્વોપરી સ્વરૂપને ઓળખી તેની નાની મોટી સર્વે આજ્ઞાઓનું શબ્દે શબ્દ યથાર્થપણે પાલન કરી દઢપણે નિષ્ઠાપૂર્વક માહાત્મ્ય જ્ઞાને સહિત તેની પ્રેમલક્ષણાયુક્ત નિષ્કામભક્તિ કરવામાં આવે તો જ તેનું આત્યંતિક કલ્યાણ થાય તે જીવ દિવ્ય ભાગવતીતનું પાળી અક્ષરધામમાં તેમની સાંન્નિધ્યમાં જેની કલ્પના પણ ન થઈ શકે તેવા પરમઆનંદ અને પરમસુખને સદાકાળ માટે પામે, બીજા સાધનો ખૂબ જ ચુસ્તપણે ઘણાં કર્યા હોય પરંતુ જો સ્વરૂપનિષ્ઠામાં ખામી હોય તો બીજા અવાંતર ધામને તે જીવ માટે સર્વોપરી અક્ષરધામને તે કદાપિ ન પામે, એમવારે વારે સ્વમુખે શ્રીજીમહારાજે કહ્યું છે.

સૂર્ય, ઈન્દ્ર, વરુણાદિક દેવતાઓ, બ્રહ્મા, વિષ્ણુ, મહાદેવ આદિક બ્રહ્માંડાધિપતિઓ, મહાશક્તિ તથા વિરાટપુરુષ, પ્રધાનપુરુષ, પ્રકૃતિપુરુષ આદિક ઈશ્વરો તે સર્વે અનંત કોટી બ્રહ્માંડોના ઉત્પત્તિ, સ્થિતિ પ્રલયતા કાર્યમાં પરમાત્માએ નિયુક્ત કરેલા અધિપતિઓ છે. તેમાંથી જેની ઉપાસના કરે કે જેને નિમિત્ત બનાવીને રાજી કરવા કાર્ય કરે તે પોતાની શક્તિ પ્રમાણે ફળ કે સુખ આપે છે. પરબ્રહ્મ પરમાત્મા તો સર્વેના નિયંતા, સર્વેના અધિપતિ, સર્વાંતર્યામી ચક્રવતી રાજાને ઠેકાણે તે રાજી થઈ જે આપે તે બીજાથી આપી શકાય જ નહિ માટે ઉપાસના તો પરબ્રહ્મ પરમાત્મા, અક્ષરાધિપતિ શ્રી સ્વામિનારાયણ ભગવાનની જ કરવી જોઈએ.

આ ભારતવર્ષમાં અનેકાનેક અવતારો થયા એ અવતારોમાં રામ, શ્યામઅને ઘનશ્યામઆ ત્રણ અવતાર મોટા થયા. આ ત્રણ અવતારોમાંય સામર્થીમાં ન્યૂન-અધિકભાવ છે. તેઓના ચરિત્ર, ઐશ્વર્ય અને પ્રતિભા જોવાથી ખ્યાલ આવે છે.

વૈકુંઠાધિપતિને આ ભુમંડળ જન્મધારણ કરવા નિશ્ચિત પોતાના ધામમાં જ ઊભુ કર્યું. ગઢડા મધ્યના ૨૭માં વચનામૃતમાં તથા અંત્યના ૨૨માં વચનામૃતમાં કહ્યું છે કે જય-વિજયનાં અપરાધે સનકાદિકને ક્રોધ આવ્યો. અને જય-વિજયે શાપ દીધો તેથી તેમને દૈત્ય થવુ પડ્યું અને ક્રોધ કરીને શાપ આપનાર સનકને પણ તેમની સાથે ત્રણ જન્મલેવા પડ્યા. જય-વિજયને વૈકુંઠાધિપતિએ નિમિત્ત બનાવ્યા.


મારા કેશરીયાવર ઘનશ્યામ...

ગોલોકાધિપતિને આ ભુમંડળમાં જન્મધારણ કરવા માટે નિમિત્ત પોતાના ધામમાં જ ઊભુ કર્યું. તે ગઢડા મધ્ય પ્રકરણના ૨૬માં વચનામૃતમાં કહ્યું છે કે જેમરાધિકાજી ઘણાં મોટાં હતા અને ભગવાનને વિષે પ્રેમપણ અતિશય હતો પણ જ્યારે પોતામાં ગુણ માન્યો એમશ્રીકૃષ્ણભગવાનને વિષે અવગુણ માન્યો ત્યારે પોતાના પ્રેમમાં તમોગુણનો ભાગ આવ્યો પછી શ્રીકૃષ્ણભગવાન તથા શ્રીદામાં સાથે વઢવેડ કરી. પછી શ્રીદામાનો શાપ થયો તેણે કરીને ગોલોકમાંથી પડીને ગુજરને ઘેર અવતાર લીધો અને ભગવાન વિના અન્ય પુરુષ હતો તેને ધણી કર્યો, એવા મહા મોટા લાંછનને પામ્યાં. અને શ્રીદામા હતો તેણે પણ પોતામાં ગુણ માન્યો અને રાધિકામાં અવગુણ પરઠયો, તો રાધિકાનો શાપ પામીને દૈત્ય થવું પડયું. આમ, શ્રીકૃષ્ણભગવાનને જન્મધારણ કરવો હતો તેથી રાધિકાજી અને શ્રીદામાને શાપરૂપે નિમિત્ત બનાવ્યાં.

અને ત્યારે અક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમભગવાન સ્વામિનારાયણની આ ભુમંડળની વિશે જન્મધરવો હતો ત્યારે બદ્રિકાશ્રમમાં શ્રી નરનારાયણને દર્શન આપીને કહ્યું કે ભારતભૂમિઉપર ખૂબજ અધર્મ વ્યાપી

ગયો છે. તે અધર્મનું ઉચ્છેદ કરી એકાંતિક ભાગવત ધર્મનું સ્થાપન કરવા માટે મારે પોતાને જે આ ધરા પર અવતાર લેવાની ઈચ્છા છે પરંતુ મારા ધામમાં જેમવૈકુંઠમાં રામચંદ્ર ભગવાને જય-વિજયને શાપ રૂપે નિમિત્ત બનાવ્યા અને ગોલોકમાં શ્રીકૃષ્ણભગવાને રાધિકાજી અને શ્રીદામાને શાપ રૂપે નિમિત્ત બનાવ્યા તેમમારે પોતાને જન્મધારણ કરવાનું કોઈ પણ નિમિત્ત અક્ષરધામમાં સંભવતું નથી. એટલા માટે અહીંયા દુર્વાસામુનિના શાપનું નિમિત્ત ઉત્પન્ન કરીને મેં કરવા ધારેલુ કાર્ય તમારા ઉદ્દેશથી તમને નિમિત્તરૂપ બનાવીને થોડા સમયમાં હું કરવાનો છું પણ મેં સ્વયં તમને નિમિત્ત બનાવ્યા એ વાત તમારે ગુપ્ત રાખવી. કોઈને કહેવી નહિ. સદ્. નિત્યાનંદ સ્વામી વિરચિત શ્રીહરિદિગ્વિજય ગ્રંથના આ રહ્યા એ શબ્દ :-

मत्प्रादुर्भावहेतुनां सम्भवो नास्ति धाम्नि मे ।
तमत्रातः समुद्भाव्य दुर्वासः शापछद्मना ॥ ( ३५ )
कर्त्तास्मि वाञ्छितं यन्मे तत्त्वदुद्धेशातोऽचिरात् ।
एषोऽर्थोऽतस्त्वया गोप्यो भूत्वा मुख्येन सर्वथा ॥ ( ३६ )
( हरिदिग्विजय उल्लास २. ( ३५-३३ )

આજ બાબત શ્રી સત્સંગિજીવન ગ્રંથના પ્રથમપ્રકરણના અધ્યાય ૨૦ના શ્લોક ૭૬માં શતાનંદ સ્વામી લખી છે :

भगवानथ जीवानांश्रेयसे करुणानिधिः ।
नरनारायणोद्देशान्नृत्वं स्वीकर्तुमैहत ॥

અક્ષરાધિપતિ કરુણાનિધિ ભગવાને અનંત જીવોના કલ્યાણ કરવા નરનાયણને નિમિત્તરૂપ બનાવીને પોતે મનુષ્ય દેહ ધારણ કરવા ઈચ્છા કરી.

વૈકુંઠમાં જય-વિજયને અયોગ્ય ગુણનો આવિર્ભાવ આવ્યો. તથા સનકાદિકને ક્રોધ આવ્યો તેમજ ગોલોકમાં રાધિકાજી તથા શ્રીદામા જેવા મહામુક્તોને જ્યાં માયા નથી ત્યાં પણ તેમને ગુણનો આવિર્ભાવ આવ્યો. જ્યારે અક્ષરધામમાં, એક જ એવુ ધામછે કે જીવ મુક્ત થઈને અક્ષરધામમાં જાય ત્યારે તે પરમાત્માનું રૂપ, ગુણ, ઐશ્વર્ય લાવણ્ય સુંદરતા વિગેરે જોતા જ મંત્રમુગ્ધ આત્મા બની દેહભાન ભૂલી તેમના દર્શનમાં એવો લીન બની જાય કે પછી અનંત કોટી યુગો વીતે તો પણ પોતે કોણ છે અને ક્યાં છે તેનું ભાન તેને આવતુ જ નથી. જો દેહનું જ ભાન નથી તો દેહાદિક ગુણ આવે જ ક્યાંથી ? જ્યારે દેહભાન નથી તો માન ક્રોધ આવવાનો સવાલ જ નથી. જેનું ધામશ્રેષ્ઠ તે સર્વેથી શ્રેષ્ઠ જ હોય.

જ્યારે જ્યારે ધર્મનો નાશ થાય અને અધર્મ વધે છે ત્યારે ત્યારે ભગવાન શ્રી રામચન્દ્રજી જન્મધારણ કરી સાધુ-સંતોની રક્ષા કરે છે. આ રહ્યા તુલસીદાસના શબ્દો :-

'जब जब होई धर्म के हानी ! बाढहि असुर महा अभिमानी ।
तब तब हरि धर मनुज शरिरा । हरय कोटि सम्जन भव पीरा ॥'

શ્રીકૃષ્ણભગવાને પણ જ્યારે જ્યારે પૃથ્વીને વિશે અધર્મ વ્યાપે છે ત્યારે ત્યારે પોતે ધર્મ સ્થાપવા માટે જન્મધારણ કરે છે. આ રહ્યા એ સ્વયંના શબ્દ :-

'यदा यदा हि धर्मस्य, ग्लानि र्भवति भारत ।
अभ्युत्थानमधर्मस्य, तदात्मानं सृजाम्यहम् ॥
परित्राणाय साधूनाम्, विनाशाय च दुष्कृताम् ।
धर्मसंस्थापनार्थाय, संभवामि युगे युगे ॥'

ભગવાન શ્રી સ્વામિનારાયણને આ ફૂટલા બ્રહ્માંડમાં લાવવા માટે વિરાટનારાયણે ૫૦ વર્ષ અને દોઢ પહોર પ્રાર્થના કરી ત્યારે સર્વોપરી પૂર્ણ પુરુષોત્તમનારાયણના પ્રગટ થયા છે. સત્યુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ અને કળીયુગ એમચાર યુગની એક ચોકડી એવી ૧૦૦૦ ચોકડી જાય ત્યારે વિરાટનારાયણનો એક દિવસ થાય, તેમના એક દિવસમાં આપણા ૪,૩૨,૦૦,૦૦૦૦૦ ચાર અબજ બત્રીસ કરોડ વર્ષ થાય, જેવડો દિવસ એવડી જ રાત્રી. એવા ૩ દિવસનો મહિનો અને ૧૨ માસનું વર્ષ. એવા વિરાટનારાયણના ૫૦ વર્ષ અને દોઢ પહોર ગયો ત્યારે અક્ષરાધિપતિ પહેલા વહેલા આ ભુમંડળ ઉપર પધાર્યા. અત્યાર સુધી જે અવતારો થયા તે અક્ષરાધિપતિના ન હતા તે તો ગોલોકાધિપતિ કે વૈકુંઠાધિપતિ એટલે પ્રધાનપુરુષ પ્રકૃતિપુરુષના હતા.

ગઢડા મધ્ય પ્રકરણના ૩૧માં વચનામૃતમાં શુકમુનિએ કહ્યું છે કે પુરુષરૂપે કરીને જ બહુધા શાસ્ત્રોમાં પુરુષોત્તમને કહ્યા છે. એમકહેવાનો એ હેતુ છે કે પૂર્વેના શાસ્ત્રોમાં પુરુષને જ એટલે પ્રકૃતિપુરુષને જ પુરુષોત્તમકહ્યા છે. એટલે પૂર્વેના શાસ્ત્રોમાં જેને પુરુષોત્તમકહ્યા છે તેતો પ્રકૃતિપુરુષ છે. પુરુષોત્તમતો તેથી પર જુદા છે.

સદ્. ગોપાળાનંદ સ્વામીની ત્રણ પ્રકરણવાળી વાતોમાં ત્રીજા પ્રકરણની નવમી વાતમાં સ્વામી સ્વયં કહે છે કે "પૂર્વે જે જે મોટા આચાર્યો થયા છે તેમનું જ્ઞાન તેમના શાસ્ત્રોમાં પ્રાકૃત પ્રલય સુધીનું જણાય છે. તેથી અધિક જણાતું નથી. તેઓ મહાપુરુષને જ પુરુષોત્તમજાણે છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ સ્વયં કહે છે : અમે પૂર્વે આવ્યા નથી અને હવે આવવાના પણ નથી. પૂર્વે આવ્યા તે તો અવતાર હતા અને અમે તો સર્વથી પર અવતારી છીએ.

આ રહ્યા સ્વયંના શબ્દો:-

**'આ વારનો જે અવતાર રે,**
**એવો ન થાય વારંવાર રે;**
**નથી આવ્યા ને આવશું**
**ક્યાંથી !, સહુ જાણજો સૌ**
**મનમાંથી રે.'**

ભગવાન શ્રી રામચંદ્રજી સૂર્યવંશી હતા, શ્રીકૃષ્ણભગવાન ચક્રવંશી હતા. અને ભગવાન શ્રી



સ્વામિનારાયણ સર્વને સુખના કારણ એવા ધર્મવંશી છે.

શ્રી રામચંદ્રજી ભગવાને એક પત્ની રાખી, કારણ પોતે મર્યાદા પુરુષોત્તમહતા. શ્રીકૃષ્ણભગવાને અનેક પત્નિઓને રાખી, કારણ પોતે લીલા પુરુષોત્તમહતા. અને ભગવાન શ્રી સ્વામિનારાયણે એક પણ પત્નિ ન કરી, કારણ પોતે પૂર્ણ પુરુષોત્તમનારાયણ છે.

ભગવાન શ્રી રામચંદ્રજીએ રાવણને મારી વિભિષણને ગાદીએ બેસારીયા. શ્રીકૃષ્ણભગવાને કંસને મારી ઉગ્રસેનને ગાદીએ બેસારીયા અને જ્યારે ભગવાન શ્રી સ્વામિનારાયણે અધર્મવંશને મારી ધર્મવંશીને ગાદીએ બેસારીયા.

રામાવતારમાં એક શુર્પણખાનુ નાક કાપી કુરૂપ બનાવી દીધી, કૃષ્ણઅવતારમાં એક કુબ્જા જેવી કુરૂપ સ્ત્રીને સુરૂપ બનાવી દીધી, જ્યારે ભગવાન શ્રી સ્વામિનારાયણે કામ-ક્રોધથી વિરૂપ બનેલા અનેક જીવાત્માને બ્રહ્મરૂપ બનાવી દીધા.

રામાવતારમાં સુગ્રીવની રક્ષા કરી વાલીને માર્યો, કૃષ્ણાવતારમાં કર્ણને મારવાની યુક્તિ રચી અર્જુનનું રક્ષણ કર્યુ, જ્યારે તે ભગવાન શ્રી સ્વામિનારાયણએ પુનાથી સતારા સુધી જેની હાંક વાગતી એવા ભરાડી ડાકુ જોપનપગી જેવા જીવાત્માઓનું રક્ષણ કરી કામ-ક્રોધ રૂપી અંતશત્રુને માર્યા.

શ્રીરામચંદ્ર ભગવાને કોઈને સમાધિ કરાવીને પોતાનાં ધામના દર્શન કરાવ્યા ન હતા. શ્રીકૃષ્ણભગવાને કેવળ ગોપીઓને સમાધિ કરાવી પોતાના ધામના દર્શન કરાવ્યા હતા. ભગવાન શ્રી સ્વામિનારાયણે તો દૈવી-આસુરી, પાત્ર-કુપાત્ર, પાપી-પુણ્યશાળી, પામર-પતીત જીવોને પણ સમાધિ કરાવી. દિવસોના દિવસો કે મહિનાઓ સુધી ઘાસના પૂળાની માફક ખડકલા કરવામાં આવતા અને તેમાંથી જેનુ નામબોલે તે જ ફક્ત ઢગલામાંથી જાગી બહાર આવી દિવ્ય અક્ષરધામનું વર્ણન કરતા, એટલુ જ નહિ સરધારમાં તો માછલાંને પણ સમાધિ કરાવી છે. આમ, તેમણે પોતાનું સર્વોપરી પરબ્રહ્મ પરમાત્માપણું બતાવ્યું, પૂર્વે કોઈએ આવું બતાવ્યું નથી.

રામાવતારમાં કોઈને સ્ત્રીધનનો ત્યાગ કરવાનો ઉપદેશ કર્યો ન હતો, કૃષ્ણાવતારમાં એક ઉદ્ધવજીને સ્ત્રીધનનો ત્યાગ કરવાનો ઉપરદેશ કર્યો હતો. ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્ત્રીધનનો ત્યાગ કરવાનો ઉપદેશ આપી હજારો નવ યુવાનોને સ્ત્રીધનના ત્યાગી સંત બનાવ્યાં. એટલું જ નહિ પણ ભગવાન શ્રી સ્વામિનારાયણની એક ચિઠ્ઠી મળતા, એમના આદેશને સહર્ષમાન આપી પોતાના અહોભાગ્ય માની મોટા મોટા તાલુકાદારો, જામેલ જાગીરદારો, પ્રતિષ્ઠિત વેપારીઓ તથા ગામના આગેવાનો આદિક એકને નહિ પણ અઢાર અઢાર યુવાનો ભર્યો ભાદર્યો ગૃહસંસાર છોડી ભગવો વેશ ધારણ કરી લે એ કાંઈ નાની સૂની વાત નથી. અરે ! એમા એક મીંઢોળબંધ યુવાન પરણતો પરણતો ભાગ્યો વળી એનું એ ચિઠ્ઠીમાં નામેય ન હતું. આદિ શબ્દથી એને ચટકી લાગી ગઈ. એ બધાના મન પર ભગવાન શ્રી સ્વામિનારાયણનું કેટલું બધું આકર્ષણ અને પ્રભુત્વ હશે...!

કેવળ પુરુષો જ નહિ પરંતુ શ્રીજીમહારાજનો સદુપદેશ સાંભળીને સ્ત્રીઓમાં પણ એવી સતી સન્નારીઓ નિપજી કે જેણે સંસારને તિલાંજલી આપી દીધી. કેટલીક સ્ત્રીઓએ તો પરણ્યા ધણીને છોડી સાંખ્યયોગ લઈ લીધો.

મેથાણમાં છેડાછેડીથી બાંધેલા વરઘોડિયા ભગવાન શ્રી સ્વામિનારાયણના દર્શને આવ્યા. ત્યારે ભગવાન શ્રી સ્વામિનારાયણ સહેતુક કહ્યું : “બેનભાઈ છો તો નરવાને ? ગોવિંદરામઅને અમરબાઈને જ્યારથી ભગવાન શ્રી સ્વામિનારાયણ ભાઈ-બહેન કહ્યા ત્યારથી એને સંસારની વાત પુરી થઈ ગઈ. આજીવન ભાઈ-બહેનની જેમજીવીને સારધાર બ્રહ્મચર્ય પાળ્યું. કેટલો મનનો નિગ્રહ ને સંયમ...! એમના પ્રેરક કોણ? સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણ હતા.

રામાવતારમાં કોઈને કહ્યુ ન હતુ કે હું ભગવાન છું, કૃષ્ણઅવતારમાં ગોપીઓની આગળ કહ્યું હતું કે હું ભગવાન છું. અને જ્યારે ભગવાન શ્રી સ્વામિનારાયણે જાહેર જનમેદનીમાં અનેક વખત પોતાને એવા એવા શબ્દોથી વર્ણન કરતા કહેતા કે અમે સર્વોપરિ પૂર્ણ પુરુષોત્તમનારાયણ છીએ. એમના શબ્દોથી જ એમની સર્વોપરિતાના દર્શન થાય છે.

શ્રી રામચંદ્રજી ભગવાનને આ લોકમાંથી વિદાય લેવી હતી ત્યારે તેમને પાછળ રહેનારાઓની કોઈની ચિંતા ન હતી. શ્રીકૃષ્ણ ભગવાનને આ લોકમાંથી વિદાય લેવી હતી ત્યારે પાછળ રહેનાર યાદવોની ઘણી ચિંતા હતી કે આ મારું યાદવકુળ મારા ગયા પછી માનવતા રાખશે કે કેમ? યાદવકુળને અંદરોઅંદર મરાવીને પછી ધામમાં ગયા. અને ભગવાન શ્રી સ્વામિનારાયણને આ લોકમાંથી વિદાય લેવી હતી ત્યારે પાછળ રહેનાર સંતો અને ભક્તોની આકરી ચિંતા હતી કે હું ગયા પછી મારા સંતો અને ભક્તો મારા વિયોગે પ્રાણ ટકાવી શકશે કે કેમ? ભગવાન શ્રી સ્વામિનારાયણે સંતો અને ભક્તો માટે જે પ્રીતી દેખાડી એવી દુનિયામાં કોઈપણ શાસ્ત્રમાં તેમને જોવા નહિ મળે.

શ્રીરામના પ્રાગટ્ય પહેલા વાલ્મિકિ રામાયણ લખાણી. શ્રીકૃષ્ણભગવાન અંતર્ધાન થયા પછી શ્રીમદ્ ભાગવત લખાયું. જ્યારે ભગવાન શ્રી સ્વામિનારાયણની હયાતીમાં જ શ્રીમદ્ સત્સંગિજીવન ગ્રંથ લખાણો, સ્વહસ્તે શિક્ષાપત્રી લખી, આચાર્યોની સ્થાપના કરી મંદિરો બનાવ્યા, સંતો-ભક્તો બનાવ્યા. કળિયુગમાં સૌથી વિસ્તૃત સંપ્રદાય છે. માત્ર ૨૦૦ વર્ષોમાં જ દેશ-પ્રદેશની પાર પહોંચી ગયો. ભાગ્યે જ એવો દેશ હશે કે જ્યાં ભગવાન શ્રી સ્વામિનારાયણનું નામનહિ લેવાતું હોય...!

શ્રી રામચંદ્રજી ભગવાન પોતાના ભક્તો દેહ છોડે ત્યારે તેને લેવા પાર્ષદ મોકલે છે. શ્રીકૃષ્ણભગવાન પણ પોતાના ભક્તો દેહ છોડે ત્યારે તેને લેવા પાર્ષદ મોકલે છે. જ્યારે ભગવાન શ્રી

સ્વામિનારાયણ પોતાના ભક્તો દેહ છોડે ત્યારે તેને લેવા પોતે સ્વયં આવે છે, આ રહ્યો ભગવાન શ્રી સ્વામિનારાયણનો કોલ....

**'મારા જનને અંતકાળે, જરૂર મારે આવવુ;**
**બિરુદ મારું એ ન બદલે, તે સર્વે જનને જણાવવું.'**

ભગવાન શ્રીરામએ વૈકુંઠના અધિપતિ છે, શ્રીકૃષ્ણભગવાન એ ગોલોકના અધિપતિ છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ એ અક્ષરધામના અધિપતિ છે. વૈકુંઠ ગોલોક અને અક્ષરધામઆ ત્રણેય ધામમાં સુખ પણ વત્તુ ઓછું છે. આ રહ્યા ભગવાન સ્વામિનારાયણના સ્વયંના શબ્દો :-

મનુષ્યથી ઈન્દ્રનું સુખ અધિક છે જે તેની બૃહસ્પતિનું તેથી બ્રહ્માનું તેથી વૈકુંઠ લોકનું ને તેથી ગોલોકનું સુખ અધિક કે અને તેથી ભગવાનના અક્ષરધામનું સુખ તે અતિ અધિક છે.

આ પંચાળાના પહેલા વચનામૃતમાં સુખની તારતમ્યતામાં વૈકુંઠના સુખથી ગોલોકનું અધિક કહ્યું અને તેથી અક્ષરધામનું સુખ અતિ અધિક, એટલે કોઈ પણ પ્રકારે જેની કલ્પના ન કરી શકાય એટલુ વધારે અનંત અને અપાર છે. જો ગોલોક કરતા અક્ષરધામનું સુખ અનંત ગણું વધારે છે તો અક્ષરાધિપતિ પરબ્રહ્મ પરમાત્મા શ્રી સ્વામિનારાયણ ભગવાન પણ શ્રીકૃષ્ણભગવાન કરતાં સુખ, સામર્થ્ય, ઐશ્વર્ય, તેજ અને સુંદરતામાં અનંતગણા અધિક હોય એ સ્વભાવિક છે. ત્યાંના મુક્તો પણ એવા જ ઉત્તમનિર્ગુણ નિર્વિકલ્પ સ્થિતિના છે કે તેમનામાં ક્યારે પણ ગુણને આવિર્ભાવ આવતો નથી. એટલે જ તો પોતાના પ્રાદુર્ભાવનુ નિમિત્ત ઉત્પન્ન બદ્રિકાશ્રમમાં ઊભુ કર્યું. અક્ષરધામમાં એ વાત શક્ય ન હતી. આ રીતે તેમનો પ્રભાવ તેમના ઐશ્વર્ય તથા તેમના કાર્યો એ તેમને અક્ષરાધિપતિ પરબ્રહ્મ પરમાત્મા પુરવાર કર્યા છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ બીજા અવતારો કરતા નોખા તરી આવે છે. આ વાત એ સાબિત કરે છે કે પોતે સર્વ અવતારોના અવતારી, કારણોના કારણ, સર્વોપરી ઈશ્વરોના ઈશ્વર, સર્વેના નિયંતા, અક્ષરધામાધિપતિ છે. એટલે જ ભગવાન શ્રી સ્વામિનારાયણ ઉપાસના કરવા યોગ્ય અને ધ્યાન કરવા યોગ્ય છે. આવા સ્વરૂપની પ્રાપ્તિ થયા પછી પૂર્વેના અવતારોનું ધ્યાન કરવાની લોયાના ૧૧માં વચનામૃતમાં ચોખ્ખી ના પાડી છે.

ગઢડા મધ્યનું ૯મું વચનામૃત કહે છે કે બીજા અવતારોની સાથે સરખામણી કરવી કે તેમના જેવા કહેવા તે અવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણનો દ્રોહ કર્યો કહેવાય. અંત્યના ૩૮માં વચનામૃતમાં કહ્યું છે કે પૂર્વેના અવતારોને પૂજવા યોગ્ય અને નમસ્કાર કરવા યોગ્ય કહ્યા છે. ધ્યાન કરવા યોગ્ય કે ઉપાસના કરવા યોગ્ય કહ્યા નથી. પૂર્વના અવતારો પરબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રી સ્વામિનારાયણના અનન્ય કૃપાપાત્ર તથા તેમના પ્રતિકરૂપ છે. માટે તેમને નમસ્કાર કરવા યોગ્ય તથા પૂજવા યોગ્ય કહ્યા છે. તેમને ધ્યાન કરવા યોગ્ય કહ્યા નથી. ધ્યાન તો પોતાને મળ્યુ જે સ્વરૂપ તેનું જ થાય.

ભગવાન શ્રી સ્વામિનારાયણને બીજા અવતાર જેવા જાણી ધ્યાન ભજન કરે તો તેના અવતારના ધામમાં જાય પણ અક્ષરધામમા ન પહોચે.

અમોઘાનંદ સ્વામી અને પલાણા ગામના ભાઈલાલભાઈ શ્રી સ્વામિનારાયણ ભગવાનનું અનન્યપણે ભજન કરતા છતાં ઉપાસનાની ખામીને લીધે સર્વોપરી અક્ષરધામન મળતા ફક્ત વૈકુંઠ સુધીની ગતિ થઈ તે પુરવાર કરતો દસ્તાવેજ જે પાટડામાથી નીકળ્યો તે પાટડો ભાઈલાલભાઈના વંશજ શ્રી જશભાઈ લલ્લુભાઈ પટેલના ઘરમાં કોતરેલી ડગળી સહિત આજે પણ સાક્ષી પુરે છે. ઉપાસના જો શુદ્ધ હશે તો જ આત્યંતિક કલ્યાણ થશે. અને જો એમા ખામી રહેશે તો જેમાં સર્વોપરી મુક્તિ અને સર્વોપરી સુખ છે એવા અક્ષરધામમાં નહિ જવાય. એટલે જ તો સદ્. નિષ્કુળાનંદ સ્વામી કહે છે :-

**'જે જે મૂરતિ જનને ભાવે, તે મૂર્તિ નિજ ધામે પહુંચાવે;**
**પણ સર્વોપરી જે પ્રાપ્તિ, તે છે તમારે કહે પ્રાણપતિ.'**

આ અવતારી સ્વરૂપ પૂર્વે આ ધરા પર આવ્યું જ નથી તેથી તેના સુખનું વર્ણન કોઈ કરી શક્યું જ નથી. તેવા અપરિમિત સુખને આપવા સર્વેથી પર એવા અક્ષરધામના અધિપતિ ફક્ત આ વખતે જ સ્વયં પધાર્યા છે.


**'આજ મોરે આવી વારતા, કોયે પર અવર પામ્યા નથી;**
**નિષ્કુળાનંદ જેણે દીઠા નથી, તે કેવી રીતે કહેશે કથી.'**

ઈતિહાસ એક મહાસાગર છે. તેના કિનારાના છીપલામાં જે જે રમે છે તેને જીવડા કહે છે..... ઊંડાણનાં મોતી માટે મરી પડવા તૈયાર થાય તેને મરજીવાં કહે છે..... આપણે શોધી કાઢીએ, મને શેમાં રસ છે ? છીપલામાં કે મોતીમાં ?

અંતમાં આવા સર્વાપરિ અવતાર-અવતારીના ભેદને સ્પષ્ટ સમજાવનાર ભગવાન પુરૂષોત્તમનારાયણને પામ્યા પછી પણ જે ભૂલા પડે છે તેને માટે તો એક કવિએ કહેલી સૂક્તિ યાદ આવે છે, જે પ્રસંગોચિત અત્રે ઉલ્લેખનીય છે :-

**મેલે મેં ભટકે હોતે તો સહી ઘર પહુંચા જાતા, હમઘરમેં ભટકે હૈં, કૈસે ઠોર-ઠિકાને આએંગે ?**

અસ્તુ.... જય શ્રી સ્વામિનારાયણ



આજ્ઞા-ઉપાસના ચિંતન

## પ્રકરણ - ૫

જેમને ભગવાન શ્રી સ્વામિનારાયણે બે વાર દિવ્ય દર્શન દઈને આ ગ્રંથ રચવાની આજ્ઞા કરી છે એવા ભૂજ મંદિરના સ.ગુ. સ્વામી શ્રી નંદકિશોરદાસજી રચિત

# આત્યંતિક કલ્યાણ



**"કોઈ પણ જીવ એક જ વખત મારા શરણે આવીને 'હું તમારો છું' (મારું રક્ષણ કરો) એવી યાચના કરે તે સર્વેને હું અભય આપું છું, એવું મારું વ્રત છે."**



'કેવો હશે નૃસિંહ અવતાર ?' આ ને આ વિચારમાં તેઓ ખેતરમાં ખેતી કરવા ગયા ત્યાં-

'રાખી વૃત્તિ પ્રભુમાં એક તાર, સ્વામી સહજાનંદ મોઝાર;
જોઈ મહારાજશ્રીની મૂરતિ, સુખસાગર સુંદર અતિ.
પછી જોયું તેને આસપાસ, દીઠો અતિ-અતિ પરકાશ;
તેમાં ચોવીસ જે અવતાર, દીઠાં જૂજવાં રૂપ આકાર.
મત્સ્ય, કચ્છ, વારાહ, નૃસિંઘ, વામન, પરશુરામ, અનઘ.
રામકૃષ્ણ બુદ્ધ, ને કલંકી, પુરુષ અવતાર અલૌકી;
સુયજ્ઞ પુરુષ જે અનુપ, કપિલ, દત્તાત્રેય સ્વરૂપ.
સનકાદિક ને બદ્રિપતિ, મહાધ્રુ' વરદેણ મૂરતિ;
પૃથુ, ઋષભદેવ રાજન, હયગ્રીવ, હરિ, ધારી તન.
હંસમૂરતિ, ધન્વંતરી, આવ્યા વ્યાસ, નારદ તન ધરી;
એવાં ચોવીસે હરિનાં રૂપ, એક એકથી અતિ અનુપ;
દીઠાં પર્વતભાઈએ પોતે, આવ્યો અતિ આનંદ તે જોતે.
જોયાં ચોવીસે રૂપ ચિંતવી, તેણે અતિ સુખ શાંતિ હવી;
પછી પ્રકટ પ્રભુનું જે રૂપ, તેમાં સમાણાં સર્વે સ્વરૂપ.'[1]

શ્રીસ્વામિનારાયણ ભગવાન પોતાના ગુરુ રામાનંદ સ્વામી અંતર્ધાન થયા પછી તેમના પદ ઉપર વિરાજમાન હતા. તે સમયે ઝરણા પરણાના નિવાસી એક શીતળદાસ નામે બ્રાહ્મણ પ્રકટ ભગવાનની શોધમાં તીર્થાટન કરતા હતા તે રામાનંદ સ્વામી પ્રકટ ભગવાન છે તેવી તેમની તીર્થમાં ખ્યાતિ સાંભળી દર્શને આવ્યા. ત્યાં ખબર પડી કે તેઓ તો અંતર્ધાન થઈ ગયા છે પણ તેમના સ્થાન ઉપર નીલકંઠવર્ણી (સ્વામિનારાયણ ભગવાન) વિરાજે છે. તે સ્વામિનારાયણ ભગવાન પાસે આવ્યા. પણ રામાનંદ સ્વામીનાં દર્શન ન થયાં તેથી અપૂર્ણતા અનુભવી પાછા ફરતા હતા તેમને શ્રીસ્વામિનારાયણ ભગવાને સમાધિ કરાવી તેમાં રામાનંદ સ્વામી તથા ચોવીસે અવતારો શ્રીસ્વામિનારાયણ ભગવાનની સ્તુતિ કરે છે તે પ્રમાણે દર્શન કરાવ્યાં. આ બનાવ ફણેણી ગામ(કાઠિયાવાડ-સૌરાષ્ટ્ર)નો છે. સમાધિમાં શું જોયું તેનું વર્ણન કાવ્યમાં આ રીતે કરવામાં આવ્યું છેઃ-

"કોટિ કોટિ સૂર્યસમ, અતિ શીતળ સુખદ અનંત;
એવા તેજોમય ધામમાં દીઠા પુરુષોત્તમભગવંત.
જે છબી જોઈ ફણેણીમાં, દીઠી એ જ પ્રત્યક્ષ પ્રમાણ;
અનંત અક્ષરમુક્ત વળી, સજે સેવા પરમસુજાણ.
ઊભા સ્તુતિ કરે આગળે, મત્સ્યાદિક ચોવીસ અવતાર;
ઊભા સ્વામી રામાનંદ પણ, કરે એહના ગુણઉચ્ચાર."

તે પછી એ શીતળદાસે શ્રી સ્વામિનારાયણ ભગવાનની ત્યાં (અક્ષરધામમાં) પૂજા કરી; પરંતુ અનંત મુક્તોની પૂજા કરવાની એમની ઈચ્છા હતી તે જાણી લઈ શ્રીસ્વામિનારાયણ ભગવાને કહ્યું : 'તમારાં અનંત સ્વરૂપ ધારણ કરી અનંત મુક્તોની વ્યક્તિગત પૂજા કરો.' ત્યારે શીતલદાસે ઉત્તર આપ્યો : 'મારાથી એ કેવી રીતે બને ?' શ્રીસ્વામિનારાયણ

---

૧. ભક્તચિંતામણિ પ્રકરણ ૧૨૮

ભગવાને માર્ગદર્શન કરતાં જણાવ્યું :-

શ્રીજી કહે, 'નિજ અંતરે તમે એવી કરો ઇચ્છા ય,
આ રામાનંદ સ્વામી તે હોય પુરુષોત્તમભગવંત,
તો તેહના જ પ્રતાપથી મારાં દેખાય રૂપ અનંત.'

શીતળદાસે તેવો સંકલ્પ કર્યો પણ એમ ધારવાથી એમનાં અનંત રૂપ થયાં નહિ. તે પછી શ્રી સ્વામિનારાયણ ભગવાને ફરીથી માર્ગદર્શન કરતાં કહ્યું :-

''ત્યારે વળી શ્રીજી કહે, 'જુઓ ચોવીસ આ અવતાર;
તે પ્રત્યેક વિષે તમે ચિત્તે કરો એમવિચાર,
તે પુરુષોત્તમહોય તો મારાં થાય સ્વરૂપ અપાર.''

એવો સંકલ્પ કર્યો છતાં અનંત રૂપ ન થયાં ત્યારે શ્રીસ્વામિનારાયણ ભગવાને કહ્યું :-

''ચિંતવન એવું મુજ વિષે હવે કરો, કહે પરમેશ.''

આ પ્રકારે સંકલ્પ કર્યો કે તરત જ શીતળદાસનાં અગણિત રૂપ થઈ ગયાં ને તે તે રૂપે અનંત મુક્તોની પૂજા કરી. તે કહ્યું છે :-

''શીતળદાસે ધારિયું : સ્વામી આ છે સહજાનંદ;
તે પુરુષોત્તમહોય તો મારાં થાય સ્વરૂપનાં વૃંદ.
તે સમે શીતળદાસનાં ત્યાં તો રૂપ થયાં અગણિત;
અનંત મુક્તની એક ક્ષણમાં પૂજા કરી ધરી પ્રીત.''

શીતળદાસે રામાનંદ સ્વામીની પૂજા કર્યા પછી રામાનંદ સ્વામીને વિનંતિ કરી, કે ''ભગવન્, હું તો તમારાં દર્શને આવ્યો હતો તે નિરાશ થઈ પાછો જતો હતો; પણ તમારાં દર્શન મને હાલ થયાં તેથી હું કૃતાર્થ થયો છું.'' ત્યારે રામાનંદ સ્વામીએ શીતળદાસને કહ્યું :-

''સુણી બોલ્યા રામાનંદ સ્વામી, 'ભગવાન તો અક્ષરધામી;
તમે જોયા ફણેણીમાં જેહ, જુઓ આ દીસે પ્રત્યક્ષ એહ.
સર્વ અવતારના અવતારી, સર્વોપરી-વિશ્વવિહારી.
હું તો છું એના દાસનો દાસ, સજું સેવા રહી પ્રભુ પાસ.
જાણો ઉદ્ધવ છે મારું નામ, કહે શ્રી હરિ તે કરું કામ.
સર્વ અવતાર એમાં સમાય, પોતે કોઈમાં લીન ન થાય.'
એવી વાત કહી જેહ વાર, થયા લીન બધા અવતાર
સરિતાઓ મળે તે સાગરમાં, મળ્યા અવતાર સૌ હરિવરમાં.''[1]

શ્રીસ્વામિનારાયણ ભગવાનનો સર્વોપરી નિશ્ચય થયા પછી શીતળદાસ ભાગવતી પરમહંસ-દીક્ષા ધારી વ્યાપકાનંદ સ્વામીના નવા નામે શ્રીહરિની સેવામાં રહ્યા. એમના આ આખ્યાનકથી શ્રીસ્વામિનારાયણ ભગવાનના પ્રાદુર્ભાવના ચોથા હેતુ સાથે વિરોધાભાસ આવે છે એવું સમજવાનું નથી. એ તો શ્રીસ્વામિનારાયણ ભગવાને પોતાના સ્વરૂપનો સર્વોપરી નિશ્ચય કરાવવા પોતે જ રામાનંદ સ્વામી રૂપે તથા અવતારાદિ રૂપે દર્શન આપ્યાં હતાં. પણ તે તે અવતારો પ્રથમથી જ અક્ષરધામમાં હતા એવો ધ્વનિ એમાંથી નીકળતો નથી.

બધા અવતારો પુરુષોત્તમના જ છે અને જયારે પુરુષોત્તમનારાયણનું અભયદાન આપવાનું કાર્ય તેઓ કરતા હોય ત્યારે તેમને પણ પુરુષોત્તમજ જાણવા; અને તે સમયે એ અવતારો પણ જાણે પોતે સ્વયં પુરુષોત્તમહોય તે પ્રમાણે જ બોલે છે-દાખલા તરીકે, જેમકપિલદેવ ભગવાને દેવહૂતિ માતા પ્રત્યે વચન ઉચ્ચાર્યાં :-

मद्भयाद्वाति वातोऽयं सूर्यस्तपति मद्भयात् ।
वर्षतीन्द्रो दहत्यग्निर्मृत्युश्चरति मद्भयात् ॥

આ વાયુ મારા ભયથી વાય છે, સૂર્ય મારા ભયથી તપે છે, ઈન્દ્ર મારા ભયથી પાણી વરસાવે છે, અગ્નિ મારા ભયથી બાળે છે અને મૃત્યુ મારા ભયથી પ્રાણીઓમાં વિચરે છે.[2] જાણે પોતે જ સર્વ કર્તા તથા સર્વ નિયંતા હોય તેમઆ શબ્દો ઉચ્ચાર્યા છે. પૃથુ ભગવાને પૃથ્વીને કહ્યું :-

त्वां स्तब्धां दुर्मदां नीत्वा मायागां तिलशः शरैः ।
आत्मयोगबलेनेमा धारयिष्याम्यहं प्रजाः ॥


તું અભિમાની, મદોન્મત્ત ને કપટથી ગાયના રૂપને ધારણ કરનારી છું જેથી મારાં બાણો વડે તારા તલતલ જેવડા કટકા કરીને મારા પોતાના યોગબળથી આ પ્રજાઓને ધારણ કરીશ.[3] જાણે પોતે જ સર્વાધાર હોય એવાં વચન કહ્યાં છે. રામચંદ્ર ભગવાને સુગ્રીવ પ્રત્યે કહ્યું છે :-

पिशाचान् दानवान् यक्षान् पृथिव्यां चैव राक्षसान् ।
अङ्गुल्यग्रेण तान्हन्याम् इच्छन् हरिगणेश्वर ॥

'હે વાનરરાજ સુગ્રીવ, જો હું ધારું તો આ પૃથ્વીમાં વસતા સર્વ પિશાચો, દાનવો, યક્ષો અને રાક્ષસોને મારી એક આંગળીના અગ્ર ભાગ વડે હણવા સમર્થ છું.'

सकृदेव प्रपन्नाय तवास्मीति च याचते ।
अभयं सर्वभूतेभ्यो ददाम्येतद्व्रतं मम ॥

કોઈ પણ જીવ એક જ વખત મારા શરણે આવીને 'હું તમારો છું' (મારું રક્ષણ કરો) એવી યાચના કરે તે સર્વેને હું અભય આપું છું, એવું મારું વ્રત છે.[4] જાણે સર્વેશ્વર ને



૧. હરિલીલામૃત કળશ ૫ વિશ્રામ ૩
૨. શ્રીમદ્ ભાગવત તૃતીય સ્કંધ અધ્યાય ૨૫ શ્લોક ૪૨
૩. શ્રીમદ્ ભાગવત ચતુર્થ સ્કંધ અધ્યાય ૧૭ શ્લોક ૨૭
૪. શ્રી વાલ્મીકિ રામાયણ યુદ્ધકાંડ સર્ગ ૧૮ શ્લોક ૨૩ તથા ૩૩

કાળ કર્મ માયાના ભયથી મુક્તિ આપનારા-અભયદાન આપનારા પોતે જ છે એ રીતનાં વચનો ઉચ્ચાર્યાં છે. ભગવાન શ્રીકૃષ્ણચંદ્રે -

मत्तः परतरं नान्यत्किंचिदस्ति धनंजय ।

मयि सर्वमिदं प्रोतं सूत्रे मणिगणा इव ॥

હે ધનંજય, મારા કરતાં શ્રેષ્ઠ-ઉત્તમબીજું કોઈ પણ કે કંઈ પણ છે જ નહિ. સર્વ કારણના કારણપણાને લીધે હું જ સર્વોપરી છું. આ સઘળું જગત મારે વિષે દોરામાં જેમ મણિકાઓ હોય એમ પરોવાયેલું છે. સર્વ મારું શરીર છે ને હું તેનો શરીરી છું.[૧]

यस्मात्क्षरमतीतोऽहमक्षरादपि चोत्तमः ।

अतोऽस्मि लोके वेदे च प्रथितः पुरुषोत्तमः ॥

यो मामेवमसंमूढो जानाति पुरुषोत्तमः ।

स सर्वविद् भजति मां सर्वभावेन भारत ॥

હે ભારત (અર્જુન), હું ક્ષર અને અક્ષરથી સ્વરૂપસ્વભાવે વિલક્ષણ ને શ્રેષ્ઠ છું તેથી હું સકળ લોકમાં તથા વેદમાં પુરુષોત્તમ એવા મારા અસાધારણ નામથી વિખ્યાત છું. જે જ્ઞાની ભક્ત મને આવી રીતે પુરુષોત્તમ જાણે છે તેજ મને તત્ત્વે કરીને જાણે છે અને તે જ સર્વ ભાવથી મને જ ભજે છે-મારી ઉપાસના કરે છે.[૨]

सर्व धर्मान्परित्यज्य मामेकं शरणं व्रज ।

अहं त्वां सर्व पापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ॥

હે અર્જુન, કલ્યાણ-મોક્ષના સાધનપણે શાસ્ત્રમાં કહેલા સઘળા ધર્મોનો પરિત્યાગ કરી-તેનું બળ, તેનો ભાર કે ભય છોડી દઈ-મને એકને જ શરણે આવ. હું સર્વેશ્વર ભગવાન તને સર્વ પાપથી મુક્ત કરીશ. તું કોઈ પ્રકારે શોક કરીશ નહિ.[૩] જાણે પોતે સર્વેશ્વર સર્વનિયંતા એક જ પુરુષોત્તમહોય તે પ્રમાણે શબ્દો ઉચ્ચાર્યા છે. જ્યારે શ્રી સ્વામિનારાયણ ભગવાનનો તે સર્વે અવતારોમાં પ્રવેશ હોય ત્યારે તે તે અવતારોના પ્રકાશને પોતાના પ્રકાશે કરીને લીન કરી નાખી પોતે જ તે રૂપે કરીને સર્વોત્કર્ષપણે વિરાજમાન રહે છે અને જે જે અવતારોને વિષે પોતે વિરાજમાન રહે છે તે તે અવતારોના પ્રકાશને પોતે ઢાંકીને પોતાનો પ્રકાશ પ્રકટ કરે છે. પરંતુ શ્રી સ્વામિનારાયણ ભગવાને જે કાર્યને અર્થે તેમાં પ્રવેશ કર્યો હોય તે કાર્ય કરી રહ્યા પછી તેમાંથી પોતે નોખા નીસરી જાય છે ત્યારે તો તે તે અવતાર જેવા પંડે (પુરુષોત્તમનારાયણના પ્રવેશ પહેલાં) હોય તેવા જ રહે છે. તે તે અવતારોમાં જે પુરુષોત્તમનારાયણ જેવું અધિક દૈવત જણાતું હતું તે તો પુરુષોત્તમનારાયણ શ્રીસ્વામિનારાયણ ભગવાનનું હતું એમજાણવું. તે શ્રીમુખે શ્રીસ્વામિનારાયણ ભગવાને કહ્યું છે :- ''એ પુરુષોત્તમનારાયણ તે કોઈ કાર્યને અર્થે પુરુષરૂપે થાય છે ત્યારે એ પુરુષ પુરુષોત્તમના પ્રકાશમાં લીન થઈ જાય છે ને પુરુષોત્તમજ રહે છે; તેમજ માયારૂપે થાય છે ત્યારે માયા પણ પુરુષોત્તમના તેજમાં લીન થઈ જાય છે ને તે રૂપે ભગવાન જ રહે છે. અને પછી એ ભગવાન મહત્તત્ત્વરૂપે થાય છે ને મહત્તત્ત્વમાંથી થયાં જે બીજાં તત્ત્વ તે રૂપે પણ થાય છે; અને પછી તે તત્ત્વનું કાર્ય જે વિરાટ તે રૂપે થાય છે તથા તે વિરાટપુરુષથી થયા જે બ્રહ્માદિક તે રૂપે થાય છે તથા નારદ સનકાદિકરૂપે થાય છે-એવી રીતે અનેક પ્રકારના કાર્યને અર્થે જેને જેને વિષે એ પુરુષોત્તમભગવાનનો પ્રવેશ થાય છે તેને તેને પોતાના પ્રકાશે કરીને લીન કરી નાખીને પોતે જ તે રૂપે કરીને સર્વોત્કર્ષપણે વિરાજમાન થકા રહે છે અને જેને વિષે પોતે વિરાજમાન રહે છે તેના પ્રકાશને પોતે ઢાંકીને પોતાનો પ્રકાશ પ્રકટ કરે છે-જેમઅગ્નિ લોઢાને વિષે આવે છે ત્યારે લોઢાનો જે શીતળ ગુણ ને કાળો વર્ણ તેને ટાળીને પોતે પોતાના ગુણને પ્રકાશ કરે છે તથા જેમસૂર્ય ઉદય થાય છે ત્યારે તેના પ્રકાશમાં સર્વે તારા ચંદ્રમાદિકનાં તેજ લીન થઈ જાય છે ને એક સૂર્યનો જ પ્રકાશ રહે છે તેમએ ભગવાન જેને જેને વિષે આવે છે ત્યારે તેના તેજનો પરાભવ કરીને પોતાના પ્રકાશને અધિકપણે જણાવે છે. અને જે કાર્યને અર્થે પોતે જેમાં પ્રવેશ કર્યો હતો તે કાર્ય કરી રહ્યા કેડે તેમાંથી પોતે નોખા નીસરી જાય છે ત્યારે તો તે પંડે જેવો હોય તેવો રહે છે અને તેમાં જે અધિક દૈવત જણાતું હતું તે તો પુરુષોત્તમ ભગવાનનું હતું એમજાણવું.''[૪]

પુરુષોત્તમનારાયણ (શ્રી સ્વામિનારાયણ ભગવાન) પોતાના સાધર્મ્ય પામેલા અનંતકોટિ મુક્તોથી સેવાયેલા અક્ષરધામને વિષે સદા વિરાજમાન છે તે પોતાની અંતર્યામી શક્તિએ કરીને અક્ષરમાં પ્રવેશ કરીને અક્ષરરૂપે થાય છે પછી મૂળપ્રકૃતિ પુરુષને વિષે પ્રવેશ કરીને તે રૂપે થાય છે અને તે પછી પ્રધાનપુરુષ, ચોવીસ તત્ત્વ ને તે તત્ત્વે કરીને સર્જાણા જે વિરાટપુરુષ તેને વિષે પ્રવેશ કરીને તે રૂપે થાય છે. તથા બ્રહ્મા વિષ્ણુ ને શિવમાં પ્રવેશ કરીને તે રૂપે થાય છે.''[૫].......એ વૈરાજપુરુષદ્વારે અવતાર થાય છે એમશાસ્ત્રમાં કહ્યું છે તે તો એમ સમજવું જે એ વાસુદેવ નારાયણ (શ્રી સ્વામિનારાયણ ભગવાન) તે પુરુષરૂપે કરીને વૈરાજપુરુષને વિષે આવીને વિરાજમાન હોય ત્યારે અવતાર કહ્યા છે; માટે તે અવતાર તો વાસુદેવ ભગવાનના જ છે. એ વાસુદેવ ભગવાન જ્યારે પ્રતિલોમપણે એ વૈરાજપુરુષ થકી નોખા પડી જાય ત્યારે એ કેવળ વૈરાજપુરુષ થકી અવતાર સંભવે જ નહિ; માટે એ થકી અવતાર તો એને વિષે વાસુદેવ આવ્યા છે તે સારુ કહ્યા છે....''[૬]

ક્રમશઃ

---

૩૨. શ્રીમદ્ ભગવદ્ ગીતા અધ્યાય ૧૫ શ્લોક ૧૮ તથા ૧૯

૩૩. શ્રીમદ્ ભગવદ્ ગીતા અધ્યાય ૧૮ શ્લોક ૬૬

૩૪. વચનામૃત પંચાળા ૭

૩૫. વચનામૃત ગ. પ્ર. ૬૩

૩૬. વચનામૃત ગ. મ. ૩૧

# ગઢપુરમાં ત્રિવિધ નિમિત્તનો ત્રિવેણી સંગમ-પ્રયાગ મહોત્સવ



ગઢપુરમાં આજે દાદાના દરબારમાં પ્રયાગ-ત્રિવેણી સંગમરૂપ ત્રિવિધ નિમિત્ત યુક્ત ઉત્સવની એલી મંડાણી છે. સાધુ-બ્રહ્મચારી-પાર્ષદો અને સત્સંગીઓ પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા શીરે ચઢાવી સહુ એક મના થઈ આ ઉત્સવને શાનદાર નવ્ય અને ભવ્ય રીતે ઉજવવા દરેકે દરેક પોતાનાથી થતી સેવા તન-મન-ધનથી કરવા લાગી પડ્યા છે.

'ગઢડું મારું અને હું ગઢડાનો' એ શબ્દોને સાકાર સ્વરૂપ અર્પતા ભગવાન શ્રીહરિની ઝાંખી કરાવતા નાના-મોટા અનેક કાર્યક્રમોની રૂપરેખા સત્સંગના અગ્રગણ્ય મોભીઓ આયોજન કરી રહ્યા છે. આપણો સંપ્રદાય એ ઉત્સવો અને ધર્મ સહિત ભક્તિ પ્રસરાવતો સંપ્રદાય છે. આપણે ત્યાં બાર માસમાં સરાસરી અઢાર ઉત્સવો અદ્ભૂત રીતે ઉજવાય છે. દરેક ઉત્સવના રંગ-ઢંગ, રીત-ભાત, માહાત્મ્ય જુદા જુદા હોય છે. એક જુઓ અને બીજા ભૂલો એવા દરેક ઉત્સવો આપણી પરંપરામાં થયા છે અને થાય છે. કારણ કે અહિંયા પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણનું હરેકપળે સાક્ષીપણું છે. જ્યાં જુઓ ત્યાં હરિનો હોંકારો સંભળાય છે. કુબેર ભંડારી આજે પોતાને ધન્ય માની આ સેવાનો અનુપમ સ્વાદ લઈ રહ્યા છે. જેમ પરબનો માસો દિવાસો. તેમ આ બધા સંપ્રદાયના ઉત્સવો છે.


ઉત્સવોની વણજાર એટલે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય. લોકોના મેળા લોકમેળા, જ્યારે ભગવાન શ્રી સ્વામિનારાયણના અદ્ભૂત **સમૈયા** કહેવાય. જેમાં રહેવાનું, જમવાનું, નાહ્વા-ધોવાનું, દેવ-દર્શન અને કથા-વાર્તાનો અખંડ અખાડો ચાલુ હોય છે. કથા-વાર્તા એ સત્સંગનો પાયો છે. સત્સંગરૂપી હવેલી, કથા-વાર્તા રૂપી પાયાથી યાવતચંદ્ર દિવાકરૌ ટકી રહે છે.

ઉન્મત્તગંગાના રાગે-રાગે અલકનંદા, ભાગીરથી, યમુના મહારાણી અને સરસ્વતી હેલે ચઢી છે. નિત્ય નિત્ય નૌત્તમ ઉત્સવો એમાં સૌથી મોખરાનું સ્થાન ધરાવતો (૧) મહાપ્રભુ ભગવાન શ્રી સ્વામિનારાયણના પ્રાગટ્યની રજત-દ્વિશતાબ્દી ઉત્સવ. (૨) સંપ્રદાયમાં પ્રથમ સ્થાપિત દેવ જે દાદાના દરબારમાં શ્રી વાસુદેવનારાયણ પધરાવ્યા તેની દ્વિશતાબ્દી. (૩) ભગવાન શ્રીહરિનું અર્ચા સ્વરૂપ શ્રી ગોપીનાથજી મહારાજ કે જેને સ્વયં શ્રીજીમહારાજે સં.૧૮૮૫ના આસો સુદી - ૧૨ને મંગળવારના રોજ પ્રાતઃકાળે શુભ મુહૂર્તે બાથમાં ઘાલી પધરાવી પ્રતિષ્ઠા કરી આરતી ઉતારેલ છે. એવા શ્રી ગોપીનાથજી મહારાજના શતામૃત (૧૭૫ વર્ષના) ઉત્સવ સાથે નવ્ય અને ભવ્ય હેમ, કનક સુવર્ણનું રત્ન જડિત સિંહાસન જેમાં ગઢપુરના મૂળભૂત મંદિરના મૂળભૂત દેવ શ્રી હરિકૃષ્ણ મહારાજ, શ્રી ગોપીનાથજી મહારાજ અને શ્રી રાધિકાજી બિરાજશે.




ઉત્સવોની હારમાળા જુઓ તો પ્રથમ શ્રીગણેશ અન્નકૂટ ઉત્સવથી થાય છે. ત્યાર પછી પ્રબોધની એકાદશી, માગશર સુદ - ૪ (ચોથ) વચનામૃત જયંતી પછી પોષી પુનમ-માઘસ્નાન પ્રારંભ થાય, ત્યાં રંગ-વસંતને વધાવતો ડોકીયું કરતો - આમ્રપર્ણથી આછાદીત ઉભરાતો - મંજરીની મહેકથી મહેકતો - આંબા મહોરથી ઉભરાતો - તેના પમરાટે આનંદીત કરતો - રંગરાગ ગુલાલનો ઉત્સવ વધાવતો વસંતોત્સવ - વસંતપંચમીનો ઉત્સવ, શિક્ષાપત્રી જયંતી. લોકોનું માઘ સ્નાન ચાલતુ હોય, તેની પૂર્ણાહુતિ થાય ત્યાં નજીકમાં જ શિવરાત્રિ આવે અને પછી પુષ્પોદોલોત્સવ - યાને ફુલદોલઉત્સવ, રંગરાગ, ફાગનો ઉત્સવ. હજુ એના ઓસાયા ઓસર્યા નથી, ભુસાયા કે ભૂલાયા ના હોય ત્યાં મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રી રામચંદ્રજીનો જન્મોત્સવ-રામનવમી. ત્યારબાદ શ્રીહનુમાન જયંતી, અક્ષયતૃતીયા (પરશુરામ જયંતી)થી ચંદનના વાઘા ભગવાન શ્રીહરિને વિવિધ-ભાતભાતના શરૂ થાય. એ હજુ ચાલતુ હોય ત્યાં અષાઢી બીજ રથયાત્રાનો ઉત્સવ, ત્યારબાદ દેવશયની એકાદશી. વ્યાસ જયંતિ - ગુરુપૂર્ણિમા અને હિંડોળા ઉત્સવ, વર્ણાગી રીતે જાત-જાતના અને ભાત-ભાતના હિંડોળાઓથી ભગવાનને જાણે કે, ભક્તોના ભાવથી ભીંજવતા અષાઢની એલી અને શ્રાવણના સરવડા જેવા થાય છે.

શ્રાવણી બળેવ-રક્ષાબંધન, જન્માષ્ટમી, ગણેશજન્મોત્સવ, ભાદરવા સુદ - ચોથ. ત્યારબાદ જલઝીલણી-પરિવર્તની એકાદશી, વામન જયંતી અને આસોમાસ અચાનક દોડતો આવે, દશેરાની વિજય સ્વારી, શરદોત્સવ કે જેમાં ભગવાનનો દિવ્ય રાસ નિહાળી-માણી દૂધ-ચોખા-સાકર ખાધા અને તુર્તજ કેડે-કેડે દિપોત્સવીના પડઘમ વાગવા શરૂ થાય.



ધનતેરશ, કાળી ચૌદશ અને દિવાળી. એ ત્રણ તો સૌ કોઈને અતિ વહાલા, જેમાં થઈ જાય અમાસની રાત પણ અજવાળી.

આમ, સનાતન વૈદિક સંસ્કૃતિની પ્રણાલિકાને માન આપનાર શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય હંમેશા હર્યો-ભર્યો લીલોછમ નાઘેર જેવો લીલો પલ્લવ ખરેખર હરહંમેશ રહે છે...!!!






પ્રયાગ આવી ઊભું આંગણે આપણા, સત્વરે સ્નાન કરવાને આવો;
સૂર શશિયર ખીલ્યા આભમાં, શરદમાં વર નભલી લઈ લ્યો લહાવો.
ઈષ્ટદેવ રજત પડઘમ દ્વિશતાબ્દી બજે, વાસુદેવનારાયણ મંગલકારી;
દેવ ગોપીનાથજી શતામૃત ઉજવીએ, સ્વામિનારાયણ જયજય તમારી.

અઢાર સાડત્રી સંવત ભલો રાજતો, પ્રગટયા પૂરણબ્રહ્મ અંતર યામી;
વાસુદેવ મૂર્તિ સ્થાપન કરી, પ્રથમ સહુ, ઓરડા ઉત્તરદિશે છે સુનામી.
સવા ચોસઠ તસુ મૂર્તિ સ્વમાપની, સ્થાપી પ્રતિષ્ઠા કરી પ્રાણપ્યારી;
દેવ ગોપીનાથજી શતામૃત ઉજવીએ, સ્વામિનારાયણ જયજય તમારી.

મહાભિનિષ્ક્રમણ કર્યું અગિયાર વર્ષે પ્રભુ, અટાવી ચહુ દિશ ફર્યા એકલ યોગી;
અઢાર સંવત્ અવલ અધિક સુખરૂપનો, એકલચર લોજ આવ્યા વિયોગી.
દીક્ષા ગાદી દીધી જયંતપુરમાં, ગુરુ રામાનંદ સ્વામીના ઉત્તરાધિકારી;
દેવ ગોપીનાથજી શતામૃત ઉજવીએ, સ્વામિનારાયણ જયજય તમારી.

એકાંતિક ધર્મ સ્થાપન કર્યો અવનીમાં, સદાવ્રત સમૈયા અભૂત કીધા;
ઉત્સવો અહિંસક યજ્ઞ પ્રવર્તન કર્યું, સમાધી સોહ્યલી કરી વીધેવીધા.
ષડંગી સંપ્રદાય અમુલ પ્રણાલી રચી, સઘન લક્ષી કરી વિવિધ વારી;
દેવ ગોપીનાથજી શતામૃત ઉજવીએ, સ્વામિનારાયણ જયજય તમારી.

મધ્ય બીન્દુ તમે જયા-લલિતા કરી, પ્રાર્થના વિયોગની વસમી વેળા;
દેશ નાના ફરો ગ્રામ પૂર અવનવા, ચાર માસુ નભે ના'વે રેળા.
વાદળી વરસાવો નિત્ય ગંગ ઉન્મત્ત તીરે, વાસુદેવ સ્થાપ્યા પછી પાવનકારી;
દેવ ગોપીનાથજી શતામૃત ઉજવીએ, સ્વામિનારાયણ જયજય તમારી.

વચનામૃત જીવનપથ અઢાર છોંતેર કથ્યા, બસો બાંસઠ ઉત્તમ અનેરા;
શિક્ષાપત્રી લખી વાણી નિજ સ્વરૂપની, ચાર પુરુષાર્થ પૂર્યા કનેરા.
દત્તપુત્રો લીધા અવધ-રઘુવીરને, શ્રેષ્ઠ સ્થાપન વિધિ મહોર મારી;
દેવ ગોપીનાથજી શતામૃત ઉજવીએ, સ્વામિનારાયણ જયજય તમારી.

દેવળ છેલ્લું કર્યું ગંગ ઉન્મત્ત તીરે, પાયા પથ્થર પૂર્યા સંત શ્યામે; ઊંચુ
બે માળ આકાર વિમાનનો, ધર્મધજા ફરકે દેવ શીશ નામે.
પ્રાણ પ્રતિષ્ઠા કરી પોણા બસો થયા, વર્ષ ઉજળા વહ્યા ભોમ ભારી;
દેવ ગોપીનાથજી શતામૃત ઉજવીએ, સ્વામિનારાયણ જયજય તમારી.

સહસ્ત્ર બે ઉપરે બાંસઠ અદકા ભયા, શતામૃત દુર્ગપુર દેવ સારો;
હાથને વેંતમાં - દ્વિશતાબ્દી હવે, ઉત્સવોનો, આંહી છે ક્યાં ઉધારો.
વહેતી વણઝાર નિત્ય અલખના ઓટલે, સમયશારણી શીરે મેખમારી;
દેવ ગોપીનાથજી શતામૃત ઉજવીએ, સ્વામિનારાયણ જયજય તમારી.

લાડીલા લાલની લક્ષ્મીવાડી જહાં, ગંગ ઉન્મત્ત તણો જ્યાં કિનારો;
ભક્તિનો બાગને વાવ રાધા ભરી, આવે નીશ દિન ધરમનો દુલારો.
ગામ તળ સીમની રજ રજ અમૂલ છે, નંદ પરમ હંસો ભયા ન્યાલકારી;
દેવ ગોપીનાથજી શતામૃત ઉજવીએ, સ્વામિનારાયણ જયજય તમારી.

ગંગા-યમુના અને સરસ્વતી સાથમાં, આજ ઉત્તમ ઘરે ઉત્સવ એલી;
દાદા દરબારમાં સંતહરિભક્ત સહુ, આવી અષાઢની જામી હેલી.
દ્વિશતાબ્દી કાલે ઉજવી અતિ હેતશું, જન્મ ઉપર થયો રજત જાઉં વારી;
દેવ ગોપીનાથજી શતામૃત ઉજવીએ, સ્વામિનારાયણ જયજય તમારી.

નવ્યને ભવ્ય નવા સુવર્ણ સિંહાસને, ધર્મકુંવર નંદકુંવર રાધારાણી;
મૂર્તિઓ ત્રણેય એ ત્રેવ ત્રેવડી જુઓ, હરદમ બોલાવે હરિ હેત આણી.
સોળે શણગાર રાજે ખેંચે નિજસ્વરૂપમાં, ગોપીનાથજી સાથ અક્ષરવિહારી;
દેવ ગોપીનાથજી શતામૃત ઉજવીએ, સ્વામિનારાયણ જયજય તમારી.
આકાશ વાતો કરે શિખરો હેમ કળશહા, સંત હવેલી સદા ઉન્નત શીરે;
પચ્ચીશ વર્ષો રહ્યા ઘર કરી અહીં શ્રીજી, મૂલવીએ શું ભૂમિ હીરે હીરે.
જોડ નથી જગતમાં દુરગપુર એક છે, દર્શને દીલ ઠરે નરને નારી;
દેવ ગોપીનાથજી શતામૃત ઉજવીએ, સ્વામિનારાયણ જયજય તમારી.

ઉગમણા-આથમણા દ્વાર છે ઉત્તરાદા, નીંબવૃક્ષ નજીક પરથાર ઊંચા;
સભામંડપ જુઓ અક્ષરની ઓરડી, જગત સહુ મંડપો લાગે કૂચા.
કમાનો કાંગરા રસ્તે હવેલી ખડી, દ્વાર સ્વાગત કરે ભવ્ય ભારી;
દેવ ગોપીનાથજી શતામૃત ઉજવીએ, સ્વામિનારાયણ જયજય તમારી.

યજ્ઞશાળા વદે વેદીયા મંત્ર સહુ, આહુતી આપે સહુ એક સાથે;
દેવ અર્ચન-વંદન-પૂજન કર્યા, આહુત યજમાન શશી સૂર્ય માથે.
અભિષેક આરતી અન્નકૂટ ઓપતા, હલકયો અબ્ધિ જુઓ માનવકયારી;
દેવ ગોપીનાથજી શતામૃત ઉજવીએ, સ્વામિનારાયણ જયજય તમારી.

ધર્મ-ભક્તિ ઊભા વાસુદેવ સાથમાં, પ્રથમખંડે રવિ અનિશ સ્વામી;
જોડલી કૃષ્ણ બળદેવની શોભતી, રેવતી સાથ છે કોણ ખામી.
પ્રદક્ષિણા પાછળે કિશોર ઘનશ્યામ છે, પ્રસાદી સંગ્રહ અમૂલ ગૌરવગામી;
દેવ ગોપીનાથજી શતામૃત ઉજવીએ, સ્વામિનારાયણ જયજય તમારી.
દેવ કઠોર નિત્ય અમી મય છલકતો, ધાન્ય ધન ધ્રબકતો પૂર્ણ રીતે;
નગારા-તગારા-તાવડા ઉકળતા, આજ મજહબ નથી બાંધ્યો વીટે.
પ્રત્યક્ષ પ્રમાણ છે દેવ જાગૃતપણું, કોણ વહીવટ કરે અમલવારી;
દેવ ગોપીનાથજી શતામૃત ઉજવીએ, સ્વામિનારાયણ જયજય તમારી.

સાધુ-બ્રહ્મચારી-પાળા રહે સાથમાં, એકતા કુટુંબ નથી એકતોયે;
ગામ-ઠામ-નાત જાત સાખ બહુ જુજવી, ઐક્યપણુ સદૈવ દિનરાત સોહે.
ચૂંદડી ઓઢી ભગવી ભલી અમરની, પટભગવા રદય રંગ્યા ભારી;
દેવ ગોપીનાથજી શતામૃત ઉજવીએ, સ્વામિનારાયણ જયજય તમારી.


માતૃ-પિતૃ સમ દેવ ૠણ ચૂકવીએ, સમાજનું ચૂકવવું હળવા હૈયે;
વિદ્યા-ગુરુ સમર્થનું ૠણ ના વિસરવું, લૂણ હરામી નવ સ્વપ્ને થઈએ.
સંપ સુરદય ને એકતાને વરી, ધામ અક્ષર અહીં આનંદકારી;
દેવ ગોપીનાથજી શતામૃત ઉજવીએ, સ્વામિનારાયણ જયજય તમારી.

આજ કળિકાળમાં જ્યોત છે જાગતી, વૃદ્ધિ સત્સંગની થઈ રહી છે;
શરદ પાટોત્સવે પ્રતિષ્ઠાએ રૂડી, ભક્ત સંત મંડલી જઈ રહી છે.
પ્રવિણના સ્વામીને વહાણા વર્ષો વહ્યા, આરતી આર્તનાદે ઉતારી; દેવ
ગોપીનાથજી શતામૃત ઉજવીએ, સ્વામિનારાયણ જયજય તમારી.



**સંતકૃપા ચિંતન**


પ.ભ. શ્રી સુખદેવ વ્યાસ - રાજકોટ
(ચિંતન કાર્યાલય - સરધાર)



# આશીર્વાદનું મહત્વ અને તેની આવશ્યકતા...









સંત પુરૂષોનાં આશીર્વાદની સમાન લાભદાઈ વસ્તુ આ જગતમાં બીજી કોઈ નથી. જેટલું આશીર્વાદથી મળે છે, તેટલું બીજા કોઈ ઉપાયથી મળતું નથી. જે સિધ્ધિ આશીર્વાદથી પ્રાપ્ત થાય છે તે બીજા કોઈ સાધનથી પ્રાપ્ત થઈ શક્તી નથી. મોટામાં મોટો તાત્કાલિક લાભ આશીર્વાદથી જ થાય છે. સત્પુરૂષોનાં આશીર્વાદ એ માનસિક તથા આત્મીય સુખ શાંતિનો અખૂટ ખજાનો છે. માટે જ વિવેકી મનુષ્યો મહાત્મા પુરૂષોનાં આશીર્વાદ મેળવવા માટે જ લાંબા સમય સુધી અતિશય નિર્માની પણે સેવા સમાગમઅને તેઓની અનુવૃતિનું બરાબર પાલન કરતા રહે છે. ''કોઈ પ્રભુનાં લાડીલા સંતનો આશીર્વાદ મળે તો આપણાં દુઃખ દારિદ્ર દૂર થાય અને બેડો પાર થઈ જાય.'' આમદૈવી મનુષ્યો હંમેશા આશીર્વાદ ઈચ્છતા હોય છે. ''અમુક સંતના આશીર્વાદથી ફલાણાભાઈ ભારે સુખી થયા'' આમઆશીર્વાદનું મહાત્મય સૌના દિલમાં હોય છે.

પ્રસન્નતા, રાજીપો, વર, કૃપા, દયા અને આશીર્વાદ આ બધા જ શબ્દો સમાન અર્થમાં વપરાય છે. શ્રીજી મહારાજે વચનામૃતમાં મોટા પુરૂષનું વરદાન દયા, કૃપા, રાજીપો વગેરે શબ્દોથી આશીર્વાદનું અતિશય મહત્વ કહેલું છે. મોટા પુરૂષોનો જે ઉપર કોપ થાય તે જીવ આસુરી થઈ જાય છે. અને જે ઉપર મોટા પુરૂષો રાજી થાય તે જીવ દૈવી થઈ જાય છે. (વચ. ૧૫)

જ્યારે હરિની ને હરિજનની જે ઉપર દયા થાય ત્યારે તેને હૈયામાં અતિશય સુખ વર્ત્યા કરે અને કલ્યાણને માર્ગે ચાલવાની પણ સામર્થી વધે અને પોતાનાં શત્રુ જે કામ, ક્રોધ, લોભાદિક તેનુ બળ ઘટી જાય છે. પછી આનંદાનંદ સ્વામીએ પુછ્યું જે ''પૂર્વના સંસ્કાર મલિન હોય તે કેમટળે ?'' ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે ''અતિશય જે મોટા પુરૂષ હોય તેનો જે ઉપર રાજીપો થાય તેના ગમે તેવા મલીન સંસ્કારો હોય તે નાશ પામે અને મોટા પુરૂષનો રાજીપો થયો હોય તો રાંક હોય તે રાજા થાય અને ગમે તેવા ભૂંડા પ્રારબ્ધ હોય તો રૂડા થાય અને ગમે તેવુ વિઘ્ન આવનારૂ હોય તે નાશ થઈ જાય છે.'' (વચ.મ. ૫૮)

ઉપર્યુક્ત વચનામૃતોમાં સ્વયં શ્રીજી મહારાજે ભારે મહત્વપૂર્ણ શબ્દોથી યથાર્થ રીતે આશીર્વાદનું ગૌરવ કહેલું છે. આશીર્વાદથી (૧) સદ્‌બુધ્ધિ થાય છે (૨) જીવમાંથી આસુરભાવ નાશ પામે છે (૩) માનસિક અખંડ સુખ રહે છે (૪) મોક્ષમાર્ગે ચાલવાની શક્તિ વધે છે (૫) કામ, ક્રોધ, લોભાદિ દોષોનું બળ ઘટે છે (૬) મલીન સંસ્કારો નાશ પામે છે (૭) રાંક હોય તે રાજા થાય છે (૮) ભૂંડા પ્રારબ્ધો હોય તે રૂડાં થાય છે (૯) ગમે તેવુ વિઘ્ન આવનારૂ હોય તે નાશ પામે.

આ રીતે જેની મોટાઈ આંકી શકાય નહિ તેવા અનહદ લાભો સંતોની કૃપા તથા આશીર્વાદથી પ્રાપ્ત થાય છે.

**સંત કૃપાએ સુખ ઉપજે, સંત કૃપાથી સરે કામ ।**
**સંત કૃપાથી પામીએ, પૂરણ પુરૂષોત્તમધામ ॥**

(સ. નિષ્કુળાનંદ સ્વામી)


મોક્ષભાગી આત્માઓ ભલે સાધારણ સ્થિતિવાળા હોય. છતા પણ તેઓ બ્રહ્મનિષ્ઠ સંતોની કૃપાથી સર્વ દુખના મૂળરૂપ રાગદ્વેષ ત્યાગ કરી પોતાનું સર્વસ્વ સમર્પણ કરી સદ્‌ગુરૂનાં ચરણમાં જાય છે. અને અંતે ગુરૂ પ્રસન્નતાથી મહાદુર્લભ એવી બ્રહ્મસ્થિતિ પ્રાપ્ત કરી અક્ષરધામનાં નિવાસી થાય છે.

# Six Temples of Shree Swaminarayan Sampraday

BY :- R. S. Patel, NJ, USA













These six temples were built in the presence of Bhagwan Shree Swaminarayan about 170 years ago. The temples are located in the State of Gujarat, India. Bhagwan Swaminarayan installed the murtis himself in these 6 temples. When the mandir in Gadhada was being built, he carried the bricks & rocks on his soneri(golden) pagh from Ghela River to the temple site.

**1. Ahmedabad - Shree Nar-Narayan Dev:** The land for this temple was presented to Lord Swaminarayan by the English Collector. Bhagwan Swaminarayan installed the idols of Lord Nar-Narayan Dev in Vikram Samvat 1878 (Monday February 24, 1822 A.D.) Maharaj also fed all the Brahmins of Ahmedabad, about 60,000 of them.


**2. Bhuj - Shree Nar-Narayan Dev:** The devotees of Kutch-Bhuj requested Bhagwan Swaminarayan to construct a temple in Bhuj. Bhuj temple was constructed under the guidance of Vaisnavanand Swami & Maharaj installed the idols of Lord Nar-Narayan Dev in Vikram Samvat 1879 (Friday May 15, 1823 A.D.)

**3. Vadtal - Shree Lakshmi-Narayan Dev:** The Vadtal temple was built under the guidance of Brahmanand Swami. Maharaj installed Lakshmi Narayan in the middle, on the northern side - Dharmadev & Bhaktidevi & Vasudev, on the southern side - Radhakrishna & an image of Shree Hari named Harikrishna. These idols were installed in Vikram Samvat 1881 (Thrusday November 3, 1824 A.D.)

4. Dholera - Shree Madan-Mohanji Maharaj: Lord Swaminarayan had this temple built under the guidance of Nishkulanand Swami & Adbhutanand Swami. He installed the idols of Madan-Mohanji in vikram samvat 1882 (Saturday May 19, 1826 A.D.)

**5. Junagadh - Shree Radha-Raman Dev:** The land for this temple was presented by Jinabhai, Darbar of Panchala. Brahmanand Swami was in charge to over look the construction of this temple. The idols of Radha-Ramandev, Ranchodji, Trikamji & Siddheswar Mahadev with Parvati Devi was installed in Vikram Samvat 1884 (Friday May 1, 1828 A.D.)

**6. Gadhada - Shree Gopinathji Maharaj:** This mandir was built by the request & deep love of Dadakachar & his 2 elder sisters Jaya(Jivuba) & Lalita(Laduba). Maharaj stayed in Gadhada for 25 years making it the center of His Divine mission. The mandir was constructed under Lord Swaminarayan's supervision & Viraktanand Swami in Lords absence. In the middle Gopinathji & Radhikaj i are installed, in the western side Dharmadev, Bhaktidevi & Vasudev, in the eastern side Surayanarayan dev. These idols were installed in vikram samvat 1885 (Saturday October9, 1828 A.D.)



These are the 6 main temples of our sampraday that were built in the presence of LORD SHREE SWAMINARAYAN. Therefore these temples hold a very special meaning for the devotees of the Swaminarayan Sampraday.

JAI SHREE SWAMINARAYAN

શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધારમાં

# ઠાકોરજીનો થાળ તથા સંતો-ભક્તોને રસોઈ દેનારની શુભ નામાવલી

## શ્રી સ્વામિનારાયણ ચિંતન માસિક ભેટ નામાવલી




| | |
|---|---|
| સિધ્ધાર્થ અમિતભાઈ લાખાણી | ડોંબીવલી-મુંબઈ |
| ઉમંગભાઈ ટંડેલ | ડોંબીવલી-મુંબઈ |
| કોટડાપીઠા સત્સંગ સમાજ | કોટડાપીઠા |
| જીજ્ઞેશભાઈ જેન્તીભાઈ | રાજકોટ |
| ગિરીશભાઈ યશવંતભાઈ જાવીયા | રાજકોટ |
| સ્વામિનારાયણ સત્સંગ મંડળ | ડભોઈ |
| ધર્મેશભાઈ મગનભાઈ રાઠોડ | જામવંથલી |
| નિતિનભાઈ પાંચાભાઈ ઢાંકેચા | સરધાર |
| રામજીભાઈ પટેલ | ઈન્દોર |
| રીયલ ઈન્ડસ્ટ્રીઝ (ઈન્દુભાઈ) | મેટોડા |
| ગોકુળભાઈ બાવાભાઈ ધોરાજીયા | મુંજીયાસર |
| જયેન્દ્રકુંવરબા નટવરસિંહજી જાડેજા | રાજકોટ |
| લાલજીભાઈ દુદાભાઈ | રાજકોટ |
| અ.નિ. વજીબેન ગોરધનભાઈ કાનાણી | રાજકોટ |
| અશોકભાઈ ભીખાભાઈ હિરપરા | મલાડ |
| દિનેશભાઈ ટી. પટેલ | સુરત-કતારગામ |
| હરિશભાઈ પટેલ તથા ઘનશ્યામભાઈ પટેલ | વડોદરા |
| કનુભાઈ ગોવિંદભાઈ પટેલ | વડોદરા |
| વિરજીભાઈ | ખંભાત |
| શાંતિલાલ મગનભાઈ ગોળવીયા | વેળાવદર |
| જેરામભાઈ ઠાકરશીભાઈ | કોટડાપીઠા |
| વલ્લભભાઈ બેચરભાઈ | ખોપાળા |
| અશોકભાઈ તુલશીભાઈ | સાંગવી-પુના |
| રાજેશભાઈ બેચરભાઈ પલસાણા | જામબરવાળા |
| પંકજકુમાર પુનાભાઈ પટેલ | નવસારી |
| હર્ષદભાઈ કમલેશભાઈ પરમાર | પુના |
| પ્રવિણભાઈ લક્ષ્મણભાઈ મકવાણા | રાજકોટ |
| માવજીભાઈ પરશોત્તમભાઈ કાચા | રાજકોટ |
| જયેશભાઈ રમેશભાઈ | દહિસરા |
| ધનજીભાઈ વાલજીભાઈ | માંડવી (કચ્છ) |
| યોગેશભાઈ શાહ | ડોંબીવલી-મુંબઈ |
| મુકેશભાઈ પોપટભાઈ ખેની | અમદાવાદ |
| ગીરધરભાઈ લાલજીભાઈ | માળીયા |
| જીણાભાઈ દેવાતભાઈ | દુધાળા |
| રાયમલ દવાતભાઈ | દુધાળા |
| વિનુભાઈ લાલજીભાઈ | રાજકોટ |
| તેજશભાઈ કોટક | આણંદ |
| સા.યો. સુમનબા (બહેનોનું મંદિર) | આણંદ |
| નિરંજનભાઈ ગોરધનભાઈ પટેલ | આણંદ |
| તાલુકા પંચાયત કર્મચારી ગણ | કુકાવાવ |
| રમેશકુમાર હંસરાજભાઈ | સરપદળ |
| લક્ષ્મીનારાયણ દેવ યુવક મંડળ | ગોધરા |
| પ્રવિણભાઈ લાલજીભાઈ | કુંભારીયા |
| મુકેશભાઈ કરશનભાઈ આલગીયા | એકલેરા |
| શાંતિલાલ મથુરદાસ સોની | આણંદ |
| મહેન્દ્રભાઈ સોની (પ્રશાંત જવેલર્સ) | રાજકોટ |
| કાંતીલાલ મથુરદાસ સોની | આણંદ |
| સંજયભગત | ભુપગઢ |
| પાટીદાર સત્સંગી ભાઈઓ | ડાંગરવા |
| આરીફભાઈ | રાજકોટ |
| બાબુભાઈ વલ્લભભાઈ કથીરીયા | અમદાવાદ |
| પટેલ યુવક મંડળ | દેદરડા |
| દાહોદ સત્સંગ સમાજ | દાહોદ |
| શૈલેષભાઈ બાબુભાઈ | રાજકોટ |
| ભંડારીયા સત્સંગ સમાજ | ભંડારીયા |
| શ્રી સ્વામિનારાયણ મંદિર | ડોંબીવલી-મુંબઈ |
| સચીન તથા હેમંત | ડોંબીવલી-મુંબઈ |
| પ્રવિણભાઈ પટેલ | ડોંબીવલી-મુંબઈ |
| શ્રી સ્વામિનારાયણ મંદિર | માળીયા (હાટીના) |
| જાગાભાઈ ગોબરભાઈ | કોટડાપીઠા |
| મહિલા મંડળ | કોટડાપીઠા |
| લખમણભાઈ કાનજીભાઈ ડોબરીયા | કોટડાપીઠા |
| મહેન્દ્રભાઈ સોની (પ્રશાંત જવેલર્સ) | રાજકોટ |
| વિનુભાઈ લાલજીભાઈ | રાજકોટ |
| સ્વામિનારાયણ મહિલા મંડળ | માણાવદર |
| અવધ રેસ્ટોરંટ | માણાવદર |
| શીતલભાઈ દિલીપભાઈ પટેલ | આણંદ |
| ગં.સ્વ. મણીબેન છગનભાઈ પટેલ | આણંદ |
| નારાયણભાઈ ગોકળદાસ પટેલ | આણંદ |
| રમેશભાઈ જેરામભાઈ | સુરત |
| કિશનકુમાર સુમનબેન | નવી દિલ્હી |
| અ.નિ. કાળાભાઈ ગીગાભાઈ પાંડવ | છાપરી-સુરત |
| માવજીભાઈ મુળજીભાઈ જેસાણી | બળદીયા |
| ઉકાભાઈ વાલાભાઈ બારસીયા | ગુંદાસરા |
| સૌરભભાઈ ભરતભાઈ ચાવડા | ધુવારણ |
| જેઠાભાઈ મુળજીભાઈ પટેલ | સંદાણા |
| પટેલ દિલીપભાઈ દર્લભભાઈ | વિદ્યાનગર |
| જવેરભાઈ હરજીભાઈ | કાળાસર |

| | |
|---|---|
| અમરબાઈ રામજીભાઈ ભુડીયા | સુરજપુર |
| રામજીભાઈ | નાઈરોબી |
| દિનેશભાઈ ખોડાભાઈ રૈયાણી | ખેરડી |
| જયંતિભાઈ ભીખાભાઈ ઢોલરીયા | અમદાવાદ |
| પ્રાગજીભાઈ નરશીભાઈ રાદડીયા | પીપરડી |
| અશોકભાઈ | વદ્યાનગર |
| કાળુભાઈ હરીભાઈ | બાદલપુર |
| રજનીકાંત રવજીભાઈ પટેલ | અમદાવાદ |
| કૌશિકભાઈ મારૂ | રાજકોટ |
| લક્ષ્મણભાઈ માવજીભાઈ લાલાણી | લંડન |
| જયંતિભાઈ માવજીભાઈ લાલાણી | દુબઈ |
| હરિકૃષ્ણ સૂર્યકાંતભાઈ પટેલ | પેટલાદ |
| ઘનશ્યામભાઈ રસોયા | ધારેશ્વર |
| ભરતભાઈ કાંતીભાઈ | અમદાવાદ |
| અમરશીભાઈ | ખીજડીયા જંકશન |
| મિથિલેષભાઈ દિનેશભાઈ | અમદાવાદ |
| મુક્તાબેન રામજીભાઈ ખુંટ | સરધાર |
| રસીકભાઈ નરસીભાઈ | ખરેડી |
| સા.યો. લાભુબેન | નાવડા |
| વિઠ્ઠલભાઈ થોભણભાઈ | સુરત |
| રાજેશભાઈ જસમતભાઈ | નિંગાળા |
| ડો. ભરતભાઈ | ડોંબીવલી-મુંબઈ |
| દામજીભાઈ કરશનભાઈ હડીયલ | બગસરા |
| જયંતિભાઈ કરશનભાઈ હડીયલ | બગસરા |
| પરશોત્તમભાઈ માવજીભાઈ સુદાણી | સાવરકુંડલા |
| સા.યો. ચંપાબેન તથા લીલાબેન તથા મહિલા મંડળ | સાવરકુંડલા |
| સા.યો. ચંપાબેન તથા લીલાબેન | સાવરકુંડલા |
| ઘનશ્યામભાઈ એમ. કરડ | નાના માચીયાળા |
| મગનભગત (પુજારી) | ખીજડીયા જંકશન |
| ઘનશ્યામભાઈ વ્યાસ | રાજકોટ |
| મેઘજીભાઈ દેવજીભાઈ હાલાઈ | મેઘપુર (કચ્છ) |
| જાદવજીભાઈ હરજીભાઈ હાલાઈ | મેઘપુર (કચ્છ) |
| હરજીભાઈ કાનજીભાઈ હાલાઈ | મેઘપુર (કચ્છ) |
| કારદીપના હરિભક્તો | મેઘપુર (કચ્છ) |
| વિપુલભાઈ ભનુભાઈ કરકર | મોટા ચારોડીયા |
| કિશનભાઈ પ્રવિણભાઈ | જામવંથલી |
| છગનભાઈ | સરધાર |
| મણીલાલ રામજીભાઈ | ઈન્દોર |
| જે.બી. રાઠોડ | રાજકોટ |
| કરશનભાઈ ઢાંકેચા | રાજકોટ |
| હરિકૃષ્ણ પટેલ | પેટલાદ |
| નારાયણભાઈ કે. મહેતા | સુરત |
| નાથાલાલ સવજીભાઈ બોઘાણી | શેડુભાર |
| ધનજીભાઈ લાલજીભાઈ મિસ્ત્રી | બોટાદ |
| જેરામભાઈ રણછોડભાઈ રાવરીયા | કલવા-મુંબઈ |
| ભરતભાઈ મોહનભાઈ કાચા | પુના |
| અણદાભાઈ નાનજીભાઈ | જેતપર |
| સંદિપભાઈ કે. મારૂ | રાજકોટ |
| દિવાળીબેન વિરજીભાઈ ઠક્કર | સુખપર |
| અ.નિ. બિપીનભાઈ હાપોલીયા | રાજકોટ |
| અ.નિ. દુધીબેન હંસરાજભાઈ ટીંબડીયા | રાજકોટ |
| નરેન્દ્રભાઈ ડવ (મ્યુ. કોર્પોરેટર) | રાજકોટ |
| દિપકભાઈ પટેલ | રતનપર |
| બળદેવભાઈ પી. પટેલ | રતનપર |
| રવજીભાઈ નરશીભાઈ | સરધાર |
| વિપુલભાઈ નરેન્દ્રભાઈ ચૌહાણ | બોરીવલી |
| જશોદાબેન કે. પટેલ | યુ.એસ.એ. |
| ગોહિલ અજયભાઈ કિશોરભાઈ | હરિપર |
| મીરાબેન વાઘજીભાઈ | રાજકોટ |
| લક્ષ્મણભાઈ બાવાભાઈ પટેલ | ભદામ |
| મહેન્દ્રભાઈ મનજીભાઈ રાઘવાણી | બળદીયા-લંડન |
| કાકુભાઈ પરબતભાઈ | રીબ |
| જે.બી. રાઠોડ | રાજકોટ |
| રઘુભાઈ વઘાશિયા | રાજકોટ |
| જગજીવનભાઈ રણછોડભાઈ ટાંક | રાજકોટ |
| શારદાબેન મુળજીભાઈ | રાજકોટ |
| દિલીપભાઈ ચંદુભાઈ સોની | રાજકોટ |
| રમેશભાઈ લાલજીભાઈ ઢાંકેચા | સરધાર |
| ઘનશ્યામયુવક મંડળ | સરધાર |
| રામભાઈ વશરામભાઈ ખુંટ | સરધાર |
| નાથાભાઈ ગોકળભાઈ જાવીયા | રાજકોટ |
| પ્રિતેશ દુર્લહજીભાઈ ગજેરા | વાંશીયાળી |
| ભીમજીભાઈ જાદવભાઈ સોરઠીયા | ડેરોઈ |
| રણજીતભાઈ લક્ષ્મણભાઈ સિંધવ | ભુપગઢ |
| જીવરાજભાઈ શંભુભાઈ ઢાંકેચા | સરધાર |
| મોહનભાઈ ગંગદાસભાઈ રૈયાણી | ખેરડી |
| ભરતભાઈ કાંતિલાલ પટેલ | અમદાવાદ |
| રામએન્ટરપ્રાઈઝ (દિનેશભાઈ) | રાજકોટ |
| પંકજભાઈ રામજીભાઈ ખુંટ | રાજકોટ |
| સુરેશભાઈ મિસ્ત્રી | રાજકોટ |
| અ.નિ. શિવલાલ નારાયણભાઈ મારૂ | રાજકોટ |
| કર્તવ્ય નિલકંઠભાઈ વેગડ | રાજકોટ |
| શાંતુભાઈ માવજીભાઈ પરમાર | રાજકોટ |
| ભરતભાઈ ભનુભાઈ ગજેરા | શેડુભાર |
| તરલીકાબેન ઘનશ્યામભાઈ ભંડેરી | જામનગર |

**ઠાકોરજીના આજીવન થાળની યાદી**

| | |
|---|---|
| ધર્મકુળ આશ્રીત પ્રેમવતી મહિલા મંડળ | નવસારી |
| અ.નિ. કાળાભાઈ પરમાર હ.હરિભાઈ પરમાર | વિકટર |
| વિઠ્ઠલભાઈ પ્રભુભાઈ નકુમ | કોઠારીયા |
| અ.નિ. સંતોકબેન રામજીભાઈ હ. છગનભાઈ | સર |
| અ.નિ. દિનુભાઈ અંબાલાલ પટેલ હ. રાજેશભાઈ | યુ.એસ.એ. |
| બળદેવભાઈ ફુલચંદભાઈ સોની હ. મીહીર | રાજકોટ |
| અ.નિ. કાનજીભાઈ દેવશીભાઈ પનારા | માણાવદર |



પીપલાણામાં શ્રીનીલકંઠવર્ણી એ મહાદીક્ષા ગ્રહણ કરી, સં.૧૮૫૭



જેતપુરમાં શ્રીનીલકંઠવર્ણીનો પટ્ટાભિષેક સં.૧૮૫૮



શ્રીહરિએ દેશવિભાગ અને આચાર્યશ્રીની સ્થાપના કરી, સં.૧૮૮૨.



શ્રીહરિકૃષ્ણ મહારાજ, શ્રી રાધાકૃષ્ણ દેવ-વડતાલ પ્રતિ. સં.૧૮૮૧



શ્રી લક્ષ્મીનારાયણદેવ - વડતાલ. પ્રતિ. સં.૧૮૮૧



આ.શ્રી. દેવેન્દ્રપ્રસાદજી મહારાજનો ગાદી અભિષેક સં.૧૯૯૩. અમદાવાદ.

# આગામી આવતા વ્રતો તથા ઉત્સવ-સમૈયાનો નિર્ણય

**સંવત ૨૦૬૨, વ્યયનામસંવત્સર, શાકે-૧૯૨૮,**
**શ્રી સ્વા.ના શક. ૨૨૫. સને ૨૦૦૬**

| તિથિ | વાર | તા. | | | વિગત |
|---|---|---|---|---|---|
| ૫ | શુક્ર | ૨૭ | મૂળ | ધન | લાભપાંચમ, જ્ઞાનપાંચમી, કાંકરિયા (અમદાવાદ) શ્રી સ્વા. મંદિરમાં શ્રીકષ્ટભંજન હનુમાનજી મહારાજનો સમૈયો, ડાકોર સ્વા.મંદિરનો પ્રતિષ્ઠોત્સવ. |
| ૮ | સોમ | ૩૦ | શ્રવણ | મકર | શ્રીગોપાષ્ટમી-દુર્ગાષ્ટમી, ગૌપૂજન. |
| ૯ | મંગળ | ૩૧ | ધનિષ્ઠા | મકર | શ્રી સ્વા.ના. જયંતી ઉપવાસ, સુરત. અશ્વિનીકુમારના આરે અન્નકુટ દર્શન. |
| ૧૦ | બુધ | ૧ | શતભિષા | કુંભ | **નવેમ્બર માસ.** શ્રી ભક્તિ માતાનો અ.વા. સં. ૧૮૪૮ અયોધ્યા. |
| ૧૧/૧૨ | ગુરૂ | ૨ | પૂ.ભાદ્ર | કુંભ | દેવપ્રબોધિની એકાદશી ઉપવાસ, તુલશીવિવાહ પ્રારંભ, શ્રી ધર્મદેવજીનો જન્મોત્સવ, સં. ૧૭૯૬. ઈટાર. પીપલાણામાં શ્રીનીલકંઠવર્ણી એ મહાદીક્ષા ગ્રહણ કરી, સં.૧૮૫૭, જેતપુરમાં શ્રીનીલકંઠવર્ણીનો પટ્ટાભિષેક સં.૧૮૫૮, શ્રીહરિએ દેશવિભાગ અને આચાર્યશ્રીની સ્થાપના કરી, સં.૧૮૮૨. એકાદશી-બારશ ભેગા (બારશ) ક્ષય છે. વડતાલ શ્રી લક્ષ્મીનારાયણદેવ શ્રીહરિકૃષ્ણ મહારાજ આદિ દેવો શ્રીગણપતિજી-શ્રીહનુમાનજી મહારાજનો પ્રતિ. સં.૧૮૮૧ તથા અમદાવાદ રંગમહોલના શ્રીઘનશ્યામમહારાજનો પ્રતિષ્ઠોત્સવ, પંચક. ચાતુર્માસ સમાપ્ત. |
| ૧૫ | રવિ | ૫ | અશ્વિની | મેષ | મુકુટોત્સવ પુનમ, તુલશી વિવાહ સમાપ્ત, દેવ દિવાળી, શ્રી ભક્તિમાતાનો સાયંકાળે જન્મસં.૧૭૯૮. કાર્તિકસ્નાન સમાપ્ત. સ.ગુ.દેવાનંદસ્વામીનો જન્મસં. ૧૮૫૯ |
| ૨ | મંગળ | ૭ | રોહિણી | વૃષભ | આ.શ્રી. દેવેન્દ્રપ્રસાદજી મહારાજનો ગાદી અભિષેક સં.૧૯૯૩. અમદાવાદ. |
| ૩ | બુધ | ૮ | મૃગશીર્ષ | વૃષભ | વડોદરામાં શ્રીહરિએ સમૈયો કર્યો હતો. સં.૧૮૮૦ |
| ૬ | શનિ | ૧૧ | પુષ્ય | કર્ક | આજે શ્રીહરિ સુરતમાં રૂસ્તમબાગમાં પધાર્યા હતા. સં.૧૮૮૧. |
| ૮ | સોમ | ૧૩ | મઘા | સિંહ | કાલાષ્ટમી, શ્રી યોગિરાજ અક્ષરમૂર્તિ સ.ગુ. ગોપાળાનંદ સ્વામીને શ્રી હરિને દીક્ષા આપી સં. ૧૮૬૪. |
| ૧૧ | ગુરૂ | ૧૬ | ઉ. ફાલ્ગુની | કન્યા | ઉત્પત્તિ એકાદશી ઉપવાસ, હેમંતઋતુ આરંભ. |
| ૧૩ | શનિ | ૧૮ | ચિત્રા | કન્યા | સ.ગુ.બ્ર. વાસુદેવાનંદ વર્ણીનો અ.વા. સં.૧૯૨૦. |
| ૩૦ | સોમ | ૨૦ | વિશાખા | વૃશ્ચિક | દર્શ-૩૦ સોમવતી અમાવાસ્યા. |
| ૧ | મંગળ | ૨૧ | અનુરાધા | વૃશ્ચિક | સ.ગુ. પ્રેમાનંદ સ્વામીનો અ.વા. સં. ૧૯૯૧. |
| ૪ | શુક્ર | ૨૪ | પૂ.ષાઢા | ધન | વિનાયક ચોથ, વચનામૃત જયંતી સં. ૧૮૭૬. |
| ૫ | શનિ | ૨૫ | ઉ.ષાઢા | ધન | ગાંધીનગર (સેકટર-૨) શ્રી સ્વામિનારાયણ મંદિર પ્રતિષ્ઠોત્સવ. |



# સત્સંગ સમાચાર પત્રિકા

## ✷ ગઢપુર મહોત્સવ ઉપક્રમે વિવિધ સ્થળોએ યોજવામાં સત્સંગ સભાઓ ✷

તા. ૨૪-૯-૦૬ના રોજ ગઢપુરમાં ઉજવાવનાર ત્રિવિધ નિમિત્ત યુક્ત ગઢપુર મહોત્સવના ઉપક્રમે શ્રીજીનગર(સુરત) શ્રી સ્વામિનારાયણ મંદિરના વિશાળ પટાંગણમાં પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજના સાંનિધ્યમાં રાત્રે ૯.૦૦ કલાકે ભવ્ય સત્સંગ સભા કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ સત્સંગમાં ગઢપુરથી પૂ. એસ.પી. સ્વામી, કો.સ્વામી શ્રી ઘનશ્યામવલ્લભદાસજી, અમરેલીથી પૂ. ભક્તિસંભવદાસજી સ્વામી, સરધારથી કો. સ્વામી શ્રી વિરક્તસ્વરૂપદાસજી, વરજાંગજાળિયાથી પૂ. શ્રીહરિદાસજી સ્વામી તથા રઘુવીરવાડી-વડતાલથી પૂ.ઘનશ્યામ સ્વામી આદિક સંતો-ભક્તો પધારી મહોત્સવની કાર્યક્રમ રૂપરેખા અને આયોજનો સમજાવી હજારો ભક્તજનોને આવનાર મહોત્સવ અતિ ભવ્યતાથી ઉજવાશે તેનું માર્ગદર્શન આપ્યું હતું.

## ગઢપુર મંદિરમાં દેવોના પાટોત્સવની અતિ ધામધુમપૂર્વક ઉદ્દવણી

તા. ૪-૧૦-૦૬ આસો વદ - ૧૨ના રોજ ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી અને પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી ગઢપુરને આંગણે શ્રીજીમહારાજે સ્વહસ્તે પોતાના અંગોઅંગ માપીને પધરાવેલ દેવ શ્રી ગોપીનાથજી મહારાજનો વાર્ષિક પાટોત્સવની પ.ભ. શ્રી ભરતભાઈ વનમાળીભાઈ વિઠ્ઠાણી(નિંગાળા)ના મુખ્ય યજમાનપદે અતિ ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી.

ઠાકોરજીના કેસર-ચંદનાદિકના અભિષેક બાદ મંદિરના પટાંગણમાં વિશાળ સત્સંગ સભા રાખવામાં આવી હતી. તેમાં વડિલ સંતો-ભક્તોએ પોતાની અમૃતવાણીનો લાભ આપ્યો હતો.

## ખોપાળા નિવાસી પૂ. સંતો-ભક્તોની યોજાયેલ પુલહાશ્રમની તીર્થયાત્રા

ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી અને પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી ખોપાળા મંદિર દ્વારા તા. ૧૩-૯-૦૬ થી તા. ૩-૧૦-૦૬ સુધી હરિદ્વાર, કેદારનાથ, બદ્રિનાથ, પુલહાશ્રમ, છપૈયા, અયોધ્યા, કાશી, મથુરા, વૃંદાવન, ગોકુળ, શ્યામળાજી, ટોડલા, અમદાવાદ આદિક તીર્થધામોની યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ યાત્રામાં ખોપાળા નિવાસી પૂ. સ્વામી શ્રી લક્ષ્મીપ્રસાદદાસજી આદિક સંતો તેમજ પ.ભ. શ્રી બાબુભાઈ કાઠિયાવાડી આદિક ભક્તો સહિત જોડાયને તીર્થધામોના દર્શનનો અલભ્ય લ્હાવો લઈ ધન્યભાગી થયા હતા.

## અમદાવાદને આંગણે યોજાયેલ ભવ્ય સત્સંગ સભા

તા. ૪-૧૦-૦૬ના રોજ ગઢપુરમાં ઉજવાવનાર ત્રિવિધ નિમિત્ત યુક્ત ગઢપુર મહોત્સવના ઉપક્રમે બાપુનગર(અમદાવાદ) ખાતે રાત્રે ૯.૦૦ કલાકે ભવ્ય સત્સંગ સભા કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ સત્સંગમાં સરધારથી પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી આદિક સંત-મંડળ પધારી મહોત્સવની કાર્યક્રમ રૂપરેખા અને આયોજનો સમજાવી ભક્તજનોને આવનાર મહોત્સવ અતિ ભવ્યતાથી ઉજવાશે તેનું માર્ગદર્શન આપ્યું હતું.

## રઘુવીર વાડી -વડતાલ ખાતે યોજાયેલ શરદોત્સવ

તા. ૬-૧૦-૦૬ના રોજ ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી અને પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી અને પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના સાંનિધ્યમાં ભવ્ય શરદોત્સવ રઘુવીર વાડી -વડતાલ ખાતે ઉજવવામાં આવ્યો હતો. આ મહોત્સવમાં ઠાકોરજીની પાંચ આરતી સાથે પ.પૂ. નાના લાલજી મહારાજશ્રી તેમજ સંતો-ભક્તોએ રાસોત્સવ ઉજવીને અતિ આનંદ હેલી વહાવી હતી. અંતમાં ઠાકોરજીનો દૂધ-પૌઆના પ્રસાદ સહુ હરિભક્તોને આપવામાં આવ્યો હતો.

## શ્રીજીનગર(સુરત)ને આંગણે યોજાયેલ શરદોત્સવ

તા. ૬-૧૦-૦૬ના રોજ ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી અને પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી શ્રીજીનગર(સુરત) શ્રી સ્વામિનારાયણ મંદિરના વિશાળ પટાંગણમાં ઉજવવામાં આવ્યો હતો. આ મહોત્સવમાં ઠાકોરજીની પાંચ આરતી સાથે સંતો-ભક્તોએ રાસોત્સવ ઉજવીને અતિ આનંદ હેલી વહાવી હતી. ત્યારબાદ સરધારથી પધારેલ પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીએ શરદપૂર્ણિમાનું માહાત્મ્ય સમજાવ્યું. અંતમાં ઠાકોરજીનો દૂધ-પૌઆના પ્રસાદ સહુ હરિભક્તોને આપવામાં આવ્યો હતો.

## પ.પૂ. લાલજી મહારાજશ્રી નિશ્રામાં ડોંબીવલીમાં યોજાયેલ ૨૧મી અઠવાડિક અભયદાન સત્સંગ સભા તેમજ મુંબઈ પરા વિસ્તારની દ્વિમાસિક સત્સંગ સભા

તા. ૮-૧૦-૦૬ના રોજ ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી અને પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી અને પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના સાંનિધ્યમાં અને તેઓશ્રીની પ્રેરણાસભર માર્ગદર્શનથી યોજાતી મુંબઈ પરા વિસ્તારની દ્વિમાસિક સત્સંગ સભા તેમજ ડોંબીવલી મંદિરમાં દર રવિવારે યોજાતી અભયદાન સત્સંગ સભાનું આયોજન ડોંબીવલીને આંગણે કરવામાં આવ્યું હતું.

આ સત્સંગ સભામાં વડતાલથી પ.પૂ. લાલજી મહારાજશ્રી પધાર્યા હતા. સૌપ્રથમ સાંજે ૫.૦૦ કલાકે ડોંબીવલી શહેરના મુખ્ય માર્ગો ઉપર ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. ત્યારબાદ મંદિરમાં બિરાજમાન શ્રી ઘનશ્યામ મહારાજની આરતી પ.પૂ. લાલજી મહારાજશ્રીએ ઉતારી હતી. ત્યારપછી મંદિરના સત્સંગ હોલમાં સત્સંગ સભામાં સરધારનિવાસી પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીએ બળભરી વાતો કરીને હરિભક્તો અનેરો કથા-વાર્તાનો લ્હાવો આપ્યા હતો. અંતમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીએ પોતાની અમૃતવાણી દ્વારા પરા વિસ્તાર તેમજ સ્થાનિક ભક્તજનોને આશીર્વાદાત્મક ઉપદેશ આપીને ધન્યભાગી બનાવ્યા હતા.

## શ્રી સ્વામિનારાયણ સિદ્ધાંત મંડળ - બોરિવલીનો યોજાયેલ બારમો વાર્ષિકોત્સવ

તા. ૧૭-૯-૦૬ના રોજ ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી અને પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી આ વાર્ષિક ઉત્સવ પ્રાર્થના, કીર્તન, વચનામૃત વિવેચન, ઈનામ વિતરણ, પ્રવચન વગેરે કાર્યક્રમો દ્વારા ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. અને સાથોસાથ શ્રીજીમહારાજનો શ્રાદ્ધોત્સવ પણ ઉજવવામાં આવ્યો હતો. અંતમાં સર્વે હરિભક્તોને મહાપ્રસાદનો લાભ આપીને તૃપ્ત કર્યા હતા.

**ખાસ નોંધ**

## સર્વે વ્હાલા ભક્તજનોને નમ્ર વિનંતી. સ્પેશ્યલ ટ્રેનયાત્રા હાઉસફુલ

**વ્હાલા ભક્તજનો ! જય શ્રી સ્વામિનારાયણ સાથ જણાવવાનું કે, પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર દ્વારા આયોજીત ઉત્તર-પૂર્વ ભારતની શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ ટ્રેનયાત્રાનું તા. ૨-૧૧-૦૬ થી તા. ૧૯-૧૧-૦૬ સુધી આયોજન કરવામાં આવ્યું છે. આ ટ્રેનયાત્રામાં ૧૨૦૦ સીટ યાત્રિકોનો સમાવેશ કરવામાં આવે છે. પરંતુ ટ્રેન હાઉસફુલ થઈ હોવાથી હવે સીટ બુકિંગ કરવામાં આવશે નહિ.**

દર મહિનાના પહેલા રવિવારે સરધાર અને મહિનાના છેલ્લા શનિવારે રાજકોટમાં યોજાતી

# :: અભયદાન સત્સંગ સભા ::

સરધાર :- તા. ૩-૧૨-૦૬, માગશર સુદ - ૧૩, રવિવાર સવારે ૯ થી ૧૨ (ગુરુવર્ય રામાનંદ સ્વામીની ૨૦૪મી અંતર્ધાનતિથિ)
રાજકોટ :- તા. ૨૫-૧૧-૦૬, માગશર સુદ - ૫, શનિવાર રાત્રે ૯ થી ૧૧

**ખાસ નોંધ :–** ઉપરોક્ત પ્રમાણે સરધાર તેમજ રાજકોટમાં નિયમિત માસિક સભાના નવેમ્બર માસના કાર્યક્રમ દરમ્યાન ગઢપુર મહોત્સવ અને ઉત્તર-પૂર્વ ભારતની શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ ટ્રેનયાત્રા હોવાથી બંને સભાના કાર્યક્રમમાં ફેરફાર કરવામાં આવ્યો છે.

તા. ૧-૧૦-૦૬ના રોજ યોજાયેલ અભયદાન સત્સંગ માસિક સભામાં પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી દ્વારા સમજાવાયેલ સારંગપુર પ્રકરણ વચનામૃત - ૧માંથી તૈયાર કરવામાં આવેલ

## વચનામૃત પ્રશ્નોત્તરી (ઓક્ટોમ્બર - ૨૦૦૬)

**નોંધ :–** જે દર મહિનાના પહેલા રવિવારે સરધારમાં માસિક સભા રાખવામાં આવે છે, તે સભામાં પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી સતત બે કલાક સુધી કોઈ એક વચનામૃત ઉપર વિવેચન કરીને ઘણી જ સરળ ભાષામાં સરળ દૃષ્ટાંતો સાથે તેમજ વચનામૃતમાં શ્રીજીમહારાજે દર્શાવેલ ગહન રહસ્યોને ખોલીને આ વચનામૃતો દ્વારા ભગવાન શ્રી સ્વામિનારાયણની પરાવાણીને હરિભક્તો સુધી પહોંચાડે છે ત્યારે તેઓશ્રીએ સમજાવેલ વચનામૃતમાંથી જ થોડા પ્રશ્નોને આ વિભાગમાં આપવામાં આવશે. તે પ્રશ્નોના ઉત્તરો જે ભક્તો આગામી માસિક સભામાં આવે ત્યારે તેમણે તે પ્રશ્નોના ઉત્તરો સંભારીને તૈયાર કરી લાવવાના રહેશે. આ પ્રશ્નોને સત્સંગ સભામાં પૂછવામાં આવશે. જે ભક્તોના ઉત્તરો સાચા હશે તેઓના ઉપર પૂ.સંતો રાજીપો દાખવશે.

### :: સારંગપુર પ્રકરણ વચનામૃત – ૧ પ્રશ્નોત્તરી ::

૧. આ વચનામૃતની સંપૂર્ણ સભાનું વર્ણન કરો.
૨. પહેલો પ્રશ્ન કોણે પૂછ્યો તથા તે પ્રશ્ન શું પૂછ્યો છે ?
૩. પહેલા પ્રશ્નનો જવાબ ટૂંકમાં આપો ?
૪. પંચવિષયના નામ તથા દશ ઈન્દ્રિયોનાં નામ આપો.
૫. બીજો પ્રશ્ન કોણ પૂછે છે ને શું પૂછે છે ?
૬. પંચવિષયની નિવૃત્તિનું કારણ શું છે ?
૭. આ વચનામૃતમાં મહારાજે બતાવેલ આત્મવિચારનું વર્ણન દર્શાવો.
૮. આ વચનામૃતમાં મહારાજે બતાવેલ પોતાની મૂર્તિના સુખનો વિચાર વર્ણવો.
૯. દેવતાના લોક અક્ષરધામ આગળ કેવા છે ? તે વાત ક્યાં લખેલી છે. તે શાસ્ત્ર કોણે લખેલું છે ?
૧૦. ભગવાનને પડ્યા મૂકી વિષયમાં પ્રીતિ કરે તેની ભક્તિ કેવી શોભે છે ? દૃષ્ટાંત આપો.

## ચિંતન અંકના સર્વે ગ્રાહક ભક્તજનોને નમ્ર વિનંતી

વ્હાલા ભક્તજનો ! આવતા નવેમ્બર માસનો શ્રી સ્વામિનારાયણ ચિંતન અંક ગઢપુર મહોત્સવ તેમજ ઉત્તર-પૂર્વ ભારતની શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ ટ્રેનયાત્રાનો વિશેષાંક રૂપે ડિસેમ્બર માસમાં નવેમ્બર/ડિસેમ્બરનો સંયુક્ત અંક એક સાથે જ પ્રકાશિત કરવામાં આવશે. જેની સર્વે ગ્રાહક ભક્તજનોએ નોંધ લેવી.






# અક્ષરધામથી આમંત્રણ 'ગઢપુર મહોત્સવ'

સર્વાવતારી પૂર્ણ પુરુષોત્તમનારાયણ ઈષ્ટદેવ ભગવાન શ્રીસ્વામિનારાયણ મહાપ્રભુ જ્યાં જેને પોતાનું ઘર માનીને ૨૮ વર્ષ રહ્યા છે, જે નગરની ગલિ ગલિમાં જ નહિ, ધરતીના કણ કણમાં પરબ્રહ્મના સ્પંદનોની અલૌકિક અનુભૂતિનો અહેસાસ માત્ર સ્મરણ કરવાથી જ થાય છે, સ્વર્ગલોક, મર્ત્યલોક અને પાતાલ લોકમાં આ નગર જેવું પવિત્ર બીજું કોઈ તીર્થક્ષેત્ર નથી, મથુરામાં એક કલ્પ (એક હજાર ચતુર્યુગ) સુધી તીર્થ સેવાથી મનુષ્યને જે ફળ મળે તે ફળ આ નગરના તીર્થક્ષેત્રોને માત્ર પાંચ દિવસ સેવવાથી મળે છે, આ તીર્થક્ષેત્રનું મનમાં ચિંતન કરવામાં આવે તો તે સો વર્ષમાં થયેલું માનસ પાપ ટાળે છે અને જીભથી આનું યશોગાન કરવામાં આવે તો તે સાત જન્મના પાપને તત્કાળ નષ્ટ કરે છે એવા ગુજરાત રાજ્યના ભાવનગર જિલ્લાનું સોહામણું મહાતીર્થધામ અને શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનું સર્વોપરી ધામ એટલે ગઢપુર. આ ગઢપુરમાં જ્યાં ભગવાન શ્રી સ્વામિનારાયણના પંચભૌતિક દેહનો અગ્નિસંસ્કાર કર્યો હતો તેમજ શ્રીજીમહારાજે અનેકાનેક જે સ્થાનમાં પધારીને દિવ્ય લીલાઓ કરી છે તેવું સ્થાન એટલે અક્ષરધામ - શ્રી ગઢપુરમાં **ભગવાન શ્રી સ્વામિનારાયણ સ્વરૂપ શ્રી ગોપીનાથજી મહારાજ**ની પૂર્ણકૃપાથી, અને તેમના સાંનિધ્યમાં **પ.પૂ ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** તથા **પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજ**ના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી ગઢપુરને આંગણે; સદ્ધર્મને સ્થાપવા તથા ભક્તોના ભાવોને પૂર્ણ કરવા, ઉત્તરભારતમાં સુપ્રસિદ્ધ અયોધ્યા નજીક આવેલા છપૈયા ગામમાં ભગવાન શ્રી સ્વામિનારાયણનું પ્રાગટ્ય થયું તેને ૨૨૫ વર્ષ જ્યારે પૂર્ણ થઈ રહ્યા છે ત્યારે ભગવાન શ્રી સ્વામિનારાયણ રજત દ્વિશતાબ્દી મહોત્સવ અને તેની સાથે સાથે ભગવાન શ્રીહરિએ સ્વયં પોતાના અંગોઅંગનું માપ આપી બનાવરાવેલ શ્રી ગોપીનાથજી મહારાજની સ્વહસ્તે *સં. ૧૮૮૫ આસો સુદ - ૧૨ના રોજ* પ્રતિષ્ઠા કરી હતી તેને ૧૭૫ વર્ષ પૂર્ણ થતાં હોય ત્યારે શ્રી ગોપીનાથજી મહારાજ શતામૃત મહોત્સવ તેમજ ગઢપુરમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે એભલ બાપુના પ્રેમને વશ થઈને સં. ૧૮૬૨ ફાગણ વદ - ૩ના રોજ સત્સંગના આદ્યદેવ, શ્રી વાસુદેવનારાયણની દાદાખાચરના ઉત્તરાભિમુખના ઓરડામાં સંપ્રદાયમાં સૌપ્રથમવાર પ્રાણ પ્રતિષ્ઠા કરી હતી તેને ૨૦૦ વર્ષ પૂર્ણ થતાં હોય ત્યારે શ્રી વાસુદેવનારાયણ પ્રાણ પ્રતિષ્ઠા દ્વિશતાબ્દી મહોત્સવનું સુંદર આયોજન શ્રી લક્ષ્મીનારાયણ દેવ દેશ ગાદીના આશ્રિત વડતાલ, ગઢડા, જૂનાગઢ, ધોલેરા દેશના સમસ્ત સત્સંગ સમાજ વતી **શ્રી ગોપીનાથજી દેવ મંદિર ટ્રસ્ટીબોર્ડ** દ્વારા સં. ૨૦૬૩ કારતક સુદ - ૨ થી ૮, તા. ૨૪-૧૦-૦૬ થી તા. ૩૦-૧૦-૦૬ સુધી કરવામાં આવ્યું છે.

આ ભવ્ય ગઢપુર મહોત્સવના ઉપક્રમે સંપ્રદાયના મહાન સમ્રાટ ગ્રંથરાજ **શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણ**નું આયોજન કરવામાં આવ્યું છે. જેના વક્તાપદે સુપ્રસિદ્ધ કથાકાર ગઢપુર મંદિરના **પૂ. કો. શા. સ્વામી શ્રી ઘનશ્યામવલ્લભદાસજી** તથા **પૂ.સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી** - વડતાલ (હાલ-સરધાર) બિરાજી સંગીતના તરંગોના કલરવ સાથે કથાગંગા નિજ શૈલીમાં રસપાન કરાવશે.

આ મહોત્સવ અંતર્ગત ત્રિદિનાત્મક શ્રીહરિયાગનું પણ સુંદર આયોજન કરવામાં આવેલ છે.

આવા મન-વાણીથી અવર્ણનીય અવસરને નજરે નિહાળવા, શ્રવણે સાંભળવા, જિહ્વાથી પ્રભુપ્રસાદનો આસ્વાદ લેવા અને તન-મનને પુલકિત કરવા આબાલવૃદ્ધ સર્વ ભક્તજનોને તથા આપના ગ્રામજનોને સહપરિવાર પધારવા અમો સ્નેહભર્યા નયને નિમંત્રણ પાઠવીએ છીએ.

આ ગઢપુર મહોત્સવ ભગવાન શ્રીહરિના ઘરમાં ઉજવાય છે એટલે આપણા પોતાના ઘરમાં ઉજવાય છે તો રૂબરૂ આમંત્રણ મળે કે ન મળે તો પણ આ મહોત્સવ આપણો પોતાનો છે તેમ માની ઉરની ઉર્મિઓના અમીછાંટણા યુક્ત આ અક્ષરધામના આમંત્રણને રૂબરૂ મળ્યા તુલ્ય સમજી અવશ્ય પરિવાર સહ પધારશોજી.

**લી. શ્રી ગોપીનાથજી દેવ મંદિર ટ્રસ્ટીમંડળ વતી કો. શા. સ્વામી શ્રી ઘનશ્યામવલ્લભદાસજી**
**તથા એસ.પી. સ્વામી (બોર્ડ સલાહકાર) વગેરે સંતો-ભક્તોના જય શ્રી સ્વામિનારાયણ.**

# :: ગઢપુર મહોત્સવની મંગલ ઘડીઓ ::

**:: પોથીયાત્રા ::**
તા. ૨૪-૧૦-૦૬
કારતક સુદ - ૨, સવારે ૯-૦૦ કલાકે
મુખ્ય મંદિરથી શ્રી લક્ષ્મીવાડી કથાસ્થળે જશે.

**:: મહોત્સવ ઉદ્‌ઘાટન ::**
તા. ૨૪-૧૦-૦૬
કારતક સુદ - ૨,
સવારે ૧૦-૦૦ કલાકે

**:: કથા પ્રારંભ ::**
તા. ૨૪-૧૦-૦૬
કારતક સુદ - ૨
સવારે ૧૦-૧૫ કલાકે

**:: ઘનશ્યામ જન્મોત્સવ ::**
તા. ૨૫-૧૦-૦૬
કારતક સુદ - ૩
સાંજે ૫-૩૦ કલાકે

**:: પટ્ટાભિષેક મહોત્સવ ::**
તા. ૨૭-૧૦-૦૬
કારતક સુદ - ૫
સાંજે ૫-૩૦ કલાકે

**:: શ્રી વાસુદેવનારાયણ સ્થાપના મહોત્સવ ::**
તા. ૨૮-૧૦-૦૬
કારતક સુદ - ૬
બપોરે ૧૧-૦૦ કલાકે

**:: અન્નકૂટોત્સવ ::**
તા. ૨૯-૧૦-૦૬
કારતક સુદ - ૭
બપોરે ૧૧-૦૦ કલાકે

**:: શ્રી ગોપીનાથજી મહારાજ સ્થાપના મહોત્સવ::**
તા. ૨૯-૧૦-૦૬
કારતક સુદ - ૭, સાંજે ૫-૩૦ કલાકે

**:: મંદિરમાં દેવોનો અભિષેક ::**
તા. ૩૦-૧૦-૦૬
કારતક સુદ - ૮
સવારે ૫-૩૦ થી ૭-૩૦

**:: કથા પૂર્ણાહુતિ ::**
તા. ૩૦-૧૦-૦૬
કારતક સુદ - ૮
બપોરે ૧૧-૦૦ કલાકે

**:: યજ્ઞ પ્રારંભ ::**
તા. ૨૮-૧૦-૦૬
કારતક સુદ - ૬
સવારે ૮-૦૦ કલાકે

**:: યજ્ઞ સમાપ્તિ ::**
તા. ૩૦-૧૦-૦૬
કારતક સુદ - ૮
બપોરે ૧૧-૩૦ કલાકે

**:: કથા સમય ::**
સવારે ૮-૩૦ થી ૧૧-૩૦
બપોરે ૩ થી ૬

**:: સભા સંચાલન ::**
શા. સ્વા. શાંતિપ્રિયદાસજી - ડભાણ
શા. સ્વા. છપૈયાપ્રકાશદાસ - ગઢપુર

## સત્સંગ પ્રવચન (સમય : સાંજે ૬ થી ૭)


તા. ૨૬-૧૦-૦૬ પૂ. સ્વામી શ્રી વિવેકસ્વરૂપદાસજી - બગસરા
તા. ૨૮-૧૦-૦૬ પૂ. શા. સ્વામી શ્રી પુરુષોત્તમચરણદાસજી - ઝુંડાલ

## મહિલા સત્સંગ (સમય : બપોરે ૧૨ થી ૩)

ગઢપુરના તપસ્વી સાંખ્યયોગી બહેનો દ્વારા સ્ત્રીભક્તોને
નિત્ય કથા-વાર્તાનો લાભ મળશે.

### રાત્રિ કાર્યક્રમ ( સમય : ૯ થી ૧૧)


તા. ૨૫-૧૦-૦૬ : બાળકલાકાર માસ્ટર રાણા
તા. ૨૬-૧૦-૦૬ : સ્વા. પૂર્ણસ્વરૂપદાસજી- સરધાર તથા હરિકૃષ્ણ પટેલ
તા. ૨૭-૧૦-૦૬ : પૂ. સ. સ્વામી શ્રી ભક્તિસંભવદાસજી - અમરેલી,
પૂ. સ્વા. છપૈયાપ્રકાશદાસ - ગઢપુર, શા. સ્વા. શાંતિપ્રિયદાસજી - ડભાણ
તા. ૨૮-૧૦-૦૬ : પૂ. સ્વામી શ્રી શ્રીહરિદાસજી - વરજાંગ જાળિયા
તા. ૨૯-૧૦-૦૬ : લોકસાહિત્યકાર શ્રી લાખણશીભાઈ ગઢવી



**:: મહોત્સવ સ્થળ ::**
શ્રી લક્ષ્મીવાડી, ગઢપુર
ફોન.નં. (૦૨૮૪૭) ૨૫૨૮૦૦


**:: આયોજક ::**
શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર
ગઢપુર, જી. ભાવનગર

**ખાસ નોંધ :** આ મહોત્સવનું પ્રસારણ તા. ૧૬ અને ૨૬ થી ૩૧ સુધી 'સંસ્કાર' ચેનલ પર રાત્રે ૯-૪૫ થી ૧૦-૪૫ વાગ્યા સુધી કરવામાં આવશે.



નૂતન વર્ષના પ્રારંભમાં સંતો-ભક્તોના દિવ્ય સંગમાં છપૈયા, હરિદ્વાર, જગન્નાથપુરી
આદિક પવિત્ર તીર્થધામોના દર્શન કરી જીવનને ધન્ય બનાવવાનો સોનેરી અવસર...

પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજના આશીર્વાદ સહ આજ્ઞાથી તેમજ નૂતન શિખરબધ્ધ શ્રી સ્વામિનાયણ મંદિર - સરધાર દ્વારા આયોજીત ગુજરાત, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, ઉત્તરાંચલ, બિહાર, બંગાલ, ઓરિસ્સા, આંધ્રપ્રદેશ અને મહારાષ્ટ્ર વગેરે રાજ્યોમાં પવિત્ર યાત્રાધામની યાત્રા એટલે તૃતીય




# શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ ટ્રેનયાત્રા



**પ્રયોજક :- પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી-વડતાલ (હાલ-સરધાર)**

| :: પ્રારંભ :: | :: ટીકીટ દર :: | :: સમાપ્તિ :: |
|---|---|---|
| તા. ૨-૧૧-૦૬ | રૂા. ૧૦,૦૦૦/- | તા. ૨૦-૧૧-૦૬ |
| કારતક સુદ - ૧૧ | કુલ દિવસ : ૧૯ | કારતક વદ - ૩૦ |

દર્શનીય તીર્થસ્થળો :- રાજકોટ, ઉજ્જૈન, મથુરા, ગોકુળ, વૃંદાવન, હરિદ્વાર, ઋષિકેશ, અલ્હાબાદ, અયોધ્યા, છપૈયા, કાશી/બનારસ, ગયાજી, બોદ્ધગયા, ગંગાસાગર, કપિલાશ્રમ, કલકતા, જગન્નાથપુરી, ભૂવનેશ્વર, કોનાર્ક, નંદનવન, ચંદ્રભાગા બીચ.

બુકિંગ સ્થળ :- (૧) **શ્રી સ્વા.મંદિર - સરધાર** ફો. ૦૨૮૧-૨૭૮૧૨૧૧,૯૮૭૯૭૫૮૫૦૩ (૨) **શ્રી સ્વા.મંદિર - ડોંબીવલી** ફો. ૦૨૫૧-૨૪૫૩૮૭૫, ૨૪૨૦૬૮૦ (૩) **શ્રી સ્વા.મંદિર - અમરેલી** ફો. ૦૨૭૯૨ - ૨૨૦૫૦૧ (૪) **શ્રી સ્વા.મંદિર - બગસરા-ખોપાળા** ફો. ૦૨૭૯૬ - ૨૨૨૫૪૧, ૦૨૮૪૭ - ૨૮૨૦૩૭ (૫) **શ્રી સ્વા.મંદિર - શ્રીજીનગર** (સુરત) ફો. ૯૮૭૯૭ ૫૮૫૧૩ (૬) **શ્રી સ્વા.મંદિર - મલાડ** ફો. ૦૨૨-૨૮૮૯૮૯૪૨ (૭) **શ્રી સ્વા.મંદિર - બોરિવલી** ફો. ૦૨૨ ૨૮૦૭૯૭૧૭ (૮) **શ્રી સ્વા.મંદિર - વરજાંગ જાળિયા** ફો. ૯૮૭૯૬ ૯૧૮૯૬ (૯) **ધર્મવલ્લભ સ્વામી - વડતાલ** ફો. ૯૮૨૫૧ ૩૪૧૦૮ (૧૦) **મનસુખભાઈ દહિસર** ફો. ૦૯૮૩૩૫૧૫૧૭૨ (૧૧) **નાથાલાલ તથા ગોરધનભાઈ - અમદાવાદ** - ફો. ૯૯૨૫૦ ૪૯૧૦૮ (૧૨) **મહેન્દ્રભાઈ તથા કરશનભાઈ - રાજકોટ** ફો. ૯૪૨૬૨ ૨૯૫૫૮ (૧૩) **દુર્લભજીભાઈ - નવસારી** ફો. ૯૩૨૮૯ ૯૮૨૭૬ (૧૪) **અશોકભાઈ વિદ્યાનગર** ફો. ૯૮૭૯૭ ૫૮૫૧૪ (૧૫) **કાંતિભાઈ તથા કરશનભાઈ પુના** ફો. ૦૯૪૨૨૦૦૮૧૬૪



## છાવણી (શિબિર)ની જાણવા યોગ્ય વિગત



સામાજિક શુભ કાર્યો માટે અશુભ ગણાતો અને સંત-સમાગમ, દર્શન વગેરે
આધ્યાત્મિક કાર્યો માટે શુભ એવા પવિત્ર ધનુર્માસમાં....
ભવભટકણમાંથી છૂટી ભગવાન શ્રીહરિને ભેટવા માટે...
ભગવાન શ્રીહરિની આજ્ઞા-ઉપાસનામાં ખબડદાર થવા માટે...

**:: પ્રારંભ ::**
**તા. ૭-૧-૦૬**
**પોષ વદ-૪**

## શ્રીજીમહારાજનું પ્રસાદિભૂત તીર્થધામ,
## આવો સરધાર... પધારો સરધાર...

**:: પૂર્ણાહુતિ ::**
**તા. ૧૫-૧-૦૬**
**પોષ વદ-૧૧**

વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજના આશીર્વાદ સહ આજ્ઞાથી તેમજ
પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજના અધ્યક્ષપદે સરધારધામને આંગણે ભવ્ય અગિયારમી




# શ્રી સ્વામિનારાયણ સત્સંગ છાવણી




**પ્રયોજક :- પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - વડતાલ (હાલ-સરધાર)**

વ્હાલા ભક્તજનો ! સરધારધામને આંગણે દર વર્ષે સર્વાવતારી, સર્વોપરી ઈષ્ટદેવ **ભગવાન શ્રી સ્વામિનારાયણ**ની પૂર્ણકૃપાથી તેમજ વડતાલ પીઠાધિપતિ **પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ**ના આશીર્વાદ સહ આજ્ઞાથી તેમજ **પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજ**ના અધ્યક્ષપદે સરધારધામને આંગણે દર વર્ષે નૂતન વર્ષના પ્રારંભમાં કારતક સુદ - ૨ (ભાઈબીજ)થી કારતક સુદ - ૧૦ (દશમ) સુધી આપણે સૌ સાથે મળીને દશ સત્સંગ છાવણીઓ ઉજવી છે. આગામી અગિયારમી સત્સંગ છાવણીના સમયમાં ફેરફાર કરવામાં આવેલ છે. કારણ કે આ સમય દરમ્યાન ગઢપુરમાં ભવ્ય ત્રિવિધ નિમિત્ત યુક્ત મહોત્સવનું આયોજન તા. ૨૪-૧૦-૦૬ કારતક સુદ - ૨ થી તા. ૩૦-૧૦-૦૬ કારતક સુદ - ૮ સુધી કરેલ છે. તેથી આપણી સત્સંગ છાવણીના કાર્યક્રમમાં ફેરફાર કરેલ છે. ઉપરોક્ત સમય દરમ્યાન આપણી સત્સંગ છાવણી નવ દિનાત્મક રાખવામાં આવેલ છે. જેની દરેક ભક્તજનોએ નોંધ લેવી. આ છાવણી ધનુર્માસમાં હોવાથી દરેક ભક્તજનો વધુને વધુ લાભ લઈ શકે તે માટે હરિભક્તોના આગ્રહથી આ સમયને નક્કી કરેલ છે. માટે દરેક ભક્તજનો આ સત્સંગ છાવણીનો લાભ લેવા પધારે તેવું સહુને ભાવભર્યું નિમંત્રણ પાઠવીએ છીએ.

લી. કો. સ્વામી શ્રી વિરક્તસ્વરૂપદાસજી - સરધાર

**Shree Swaminarayan Chintan, Octomber.2006 Reg. No. GRJ - 517/05 Reg. No. RNI No. GUJGUJ10785/06/1/03 - TC**

**11.The Format Of imprinline is reproduced as your imprint line does not contain complete details of....... (a) Printed By P.V. Dixit, Published by Viraktaswarup Swami on behalf of (or owned by) Shree Swaminarayan Mandir-Sardhar and printed at Sahjanand Press, 80 feet Road, Rajkot. (name of printing press with full address) and published from Sardhar (place of publication with full address). Editor Divyaswarup Swami. (only Editor word is accepted as per PRB Act in the imprint line.)**



## 'ગઢપુર મહોત્સવ'ના ઉપક્રમે પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના સાંનિધ્યમાં યોજાયેલ શ્રીજીનગર(સુરત) અને ડોંબીવલી(મુંબઈ)ને આંગણે ભવ્ય સત્સંગ સભાઓ

૧. શ્રીજીનગર (સુરત) સત્સંગ સભામાં પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૨. સુરત સત્સંગ સભામાં પ.પૂ. લાલજી મહારાજશ્રીની દિવ્ય અમૃતવાણીનો લાભ લેતા વિશાળ હરિભક્ત સમુદાય. ૩. ડોંબીવલી શહેરના મુખ્ય માર્ગ ઉપર પ.પૂ. લાલજી મહારાજશ્રીની નિશ્રામાં નીકળેલ ભવ્ય શોભાયાત્રા. ૪. 'અમે તો આપના ચરણની રજ છીએ' એ ભાવનાની સાથે પ.પૂ. લાલજી મહારાજશ્રીને આવકારતા મુંબઈ પરા વિસ્તારના નિષ્ઠાવાન યુવાન સત્સંગીબંધુઓ. ૫. ડોંબીવલી મંદિરમાં વિરાજમાન શ્રી ઘનશ્યામ મહારાજની આરતી ઉતારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૬. સત્સંગ સભામાં પૂ. સ્વામીને ભાવથી ભેટતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૭. પ.પૂ. લાલજી મહારાજશ્રીની સાંનિધ્યમાં સત્સંગ સભામાં સંબોધન કરતા પૂ. સ્વામી. ૮. મુંબઈ પરા વિસ્તારની દ્વિમાસિક સત્સંગ સભામાં હરિભક્તોને આશીર્વાદ આપતા પ.પૂ. લાલજી મહારાજશ્રી.

છબીકલા : શ્રીહરિ ડીજીટલ ફોટોગ્રાફી - સરધાર-સુરત. મો. ૯૮૯૮૭ ૬૬૭૦૩, ૯૯૨૫૦ ૩૦૨૫૦


1


2


3


4


5


6


7


8

## પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજના રૂડા આશીર્વાદાત્મક આજ્ઞાથી યોજાયેલ વિવિધ કાર્યક્રમોની તસ્વીર દર્શન

૧. ખોપાળા મંદિર દ્વારા યોજાયેલ તીર્થયાત્રામાં બદ્રિનાથ ધામમાં પૂ. સંતો-ભક્તો. ૨. ગંગાનદીમાં ઠાકોરજીના અભિષેક સાથે સ્નાન કરતા પૂ. સંતો-ભક્તો. ૩. પુલહાશ્રમમાં ભગવાન શ્રી મુક્તિનાથના દર્શને ગયેલ પૂ. સંતો-ભક્તો ૪. ટોડલામાં સ.ગુ. ગોપાળાનંદ સ્વામીના જન્મસ્થાનના દર્શન કરતા પૂ. સંતો-ભક્તો. ૫. ગઢપુરમાં યોજાયેલ વાર્ષિક પાટોત્સવમાં દેવોનો પંચામૃતથી અભિષેક કરતા પૂજારીઓ. ૬. ગઢપુરમાં વાર્ષિક પાટોત્સવ નિમિત્તે યોજાયેલ વિશાળ સત્સંગ સભા. ૭. પ.પૂ. લાલજી મહારાજશ્રીની નિશ્રામાં રઘુવીર વાડી-વડતાલ ખાતે યોજાયેલ શરદોત્સવ. ૮. શ્રીજીમંદિર(સુરત)માં શરદ પૂર્ણિમાના દિવસે યોજાયેલ ભવ્ય સત્સંગ સભામાં કથા-વાર્તાનો લાભ આપતા પૂ. સ્વામી.

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥



# નૂતન વર્ષાભિનંદન...



## નૂતન વર્ષે
## પ.પૂ. ૧૦૮ ભાવિઆચાર્ય
## શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજના આશીર્વાદ

પ.ભ. શ્રી લક્ષ્મીનારાયણ દેવ-ગાદીના આશ્રિત, દેશ-વિદેશમાં વસતા સર્વે સંતો તથા સત્સંગી હરિભક્તો, વડતાલ શ્રી હરિકૃષ્ણ મહારાજ, શ્રી લક્ષ્મીનારાયણ દેવના ચરણકમળ સમીપથી લીખાવિતં અમારા સ્નેહાશીર્વાદ સાથે જય શ્રી સ્વામિનારાયણ.

વિ. આપણી ભારતીય સંસ્કૃતિની અમુલ્ય પરંપરામાં ઉજવાતો દિવાળીનો ઉત્સવ સારાય માનવ સમાજમાં સત્ય, જ્ઞાન, ધર્મ-ભક્તિ અને ભાઈચારાનો પ્રકાશ ફેલાવે છે. ઈતિહાસ સાથે આનો સંબંધ જોઈએ તો ભગવાન શ્રી રામચંદ્રજી રાવણ રૂપી અસત્ય અને અધર્મનો પરાજય કરી અયોધ્યા પધારતા સત્ય અને શાંતિના ઉત્સુક પ્રજાજનોએ તેમનું ઉમળકાભેર કરેલા સ્વાગતનો છે. તેથી જ અમાસની અંધારી રાતને પૂર્ણિમા જેવું મહત્ત્વ આપી દિપોત્સવ દ્વારા પ્રકાશમાન કરવામાં આવે છે. અમારી ભગવાન શ્રીહરિને પ્રાર્થના છે કે, આ સત્ય, ધર્મ અને શાંતિનો પ્રકાશ સર્વ મુમુક્ષુઓના જીવનમાં પથરાતો રહે.

સાથે નવા વર્ષની શરૂઆત પણ અનેકાનેક ઉત્સાહ સાથે બળ, સુખ અને સમૃદ્ધિનું પ્રતિક બને તેમજ સર્વેના જીવનમાં ગતવર્ષની રહેલી વિટંબણાઓ, મુંજવણો અને દુઃખ-દારિદ્રતાને દૂર કરી દરેકને સુખીયા કરે એવી ભગવાન શ્રીહરિના ચરણોમાં પ્રાર્થના કરીએ છીએ સાથે તમો સર્વેને દિવાળી તથા નુતન વર્ષની અનેકાનેક મંગળ કામનાઓ કરી શુભાશીર્વાદ પાઠવીએ છીએ

વડતાલ શ્રી લક્ષ્મીનારાયણ દેવ પીઠાધિપતિ પ.પૂ.<br>
સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય<br>
શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ તથા<br>
પ.પૂ. અ.સૌ. ગાદીવાળા માતુશ્રી<br>
સર્વ સત્સંગી હરિભક્તો<br>
ભાઈઓ-બહેનોને<br>
શુભાશીર્વાદ પાઠવે છે.





